Volume : 12
Issue : 076
Dt.: 15-07-2026
WEDNESDAY
Page:04
Rs.00.50 paisa

ગુજરાત વંશ

RNI No. GUJGUJ/2015/62352
GUJARAT VANSH
# ગુજરાત વંશ
( Published Daily From Ahmedabad )

Editor : HETALBEN J. GAJJAR Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

### ૬ ભારતીય નાગરિકો અને ૨ યુક્રેનિયન નાગરિકો ઘાયલ

# હોર્મુઝમાં UAEના ટેન્કરો પર ઈરાનનો હુમલો, એક ભારતીયનું મોત

## મિસાઈલ હુમલાના કારણે બંને જહાજોમાં આગ લાગી ગઈ હતી, પરંતુ બાદમાં તેના પર સંપૂર્ણ રીતે કાબૂ મેળવી લેવાયો હતો

તેહરાન,

સંયુક્ત આરબ અમીરાત ના સંરક્ષણ મંત્રાલયે મંગળવારે જણાવ્યું કે હોર્મુઝમાં યુએઈનો ધ્વજ ધરાવતા બે ટેન્કરો પર ઈરાની ક્રૂઝ મિસાઈલો દ્વારા કરવામાં આવેલા હુમલામાં ક્રૂના એક ભારતીય સભ્યનું મોત નીપજ્યું છે. આ હુમલામાં અન્ય આઠ સભ્યો ઘાયલ પણ થયા છે, જેમાંથી ચારની હાલત ગંભીર છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું કે ઓમાનના જળક્ષેત્રમાં હોર્મુઝની સામુદ્રધુની ના દક્ષિણી લેનમાં 'મોમ્બાસા' અને 'બાહિયા' નામના ટેન્કરોને નિશાન બનાવવામાં આવ્યા હતા.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઘાયલોમાં છ ભારતીય નાગરિકો અને બે યુક્રેનિયન નાગરિકો સામેલ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલાના પરિણામે ટેન્કર 'મોમ્બાસા'ના ક્રૂના એક ભારતીય સભ્યએ જીવ ગુમાવ્યો છે અને અન્ય ૮ લોકો ઘાયલ થયા છે. તેમાંથી ૪ લોકોને ગંભીર ઈજાઓ થઈ છે, જેમાં ઘાયલોમાં ૬ ભારતીય નાગરિકો અને ૨ યુક્રેનિયન નાગરિકો છે.સંરક્ષણ મંત્રાલયે એ



પણ માહિતી આપી હતી કે મિસાઈલ હુમલાના કારણે બંને જહાજોમાં આગ લાગી ગઈ હતી, પરંતુ બાદમાં તેના પર સંપૂર્ણ રીતે કાબૂ મેળવી લેવાયો હતો.યુએઈએ આ હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી છે. આને ગંભીર ઉલ્લંઘન અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવીને ક્ષેત્રની સુરક્ષા અને સ્થિરતા માટે "ખતરો" ગણાવ્યો છે.યુએઈ સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશ આ તણાવપૂર્ણ સ્થિતિનો જવાબ આપવાનો પોતાનો સંપૂર્ણ અધિકાર અનામત રાખે છે અને પોતાનું સાર્વભૌમત્વ, નાગરિકો, રહેવાસીઓ તેમજ રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે તમામ જરૂરી પગલાં લેશે. સંરક્ષણ મંત્રાલયે પણ જણાવ્યું કે તેના સશસ્ત્ર દળો હાઈ એલર્ટ પર છે અને કોઈપણ પ્રકારના જોખમનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.યુએઈની આ જાહેરાત ઈરાનના એ દાવા પછી સામે આવી છે, જેમાં તેણે કહ્યું હતું કે તેના રિવોલ્યુશનરી ગાર્ડ્સે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલા બે જહાજો પર ચેતવણીરૂપ ફાયરિંગ કર્યું હતું.ઈરાનના સરકારી ટેલિવિઝને અહેવાલમાં જણાવ્યું હતું કે આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી કથિત રીતે ગેરકાયદેસર રીતે પસાર થવાને કારણે જહાજોને રિવોલ્યુશનરી ગાર્ડ્સની નૌસેના દ્વારા ચેતવણીરૂપ ગોળીઓ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા અને રોકવામાં આવ્યા હતા.આ હુમલામાં અન્ય આઠ સભ્યો ઘાયલ પણ થયા છે, જેમાંથી ચારની હાલત ગંભીર છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું કે ઓમાનના જળક્ષેત્રમાં હોર્મુઝની સામુદ્રધુની ના દક્ષિણી લેનમાં 'મોમ્બાસા' અને 'બાહિયા' નામના ટેન્કરોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

### પહલગામ આતંકી હુમલા કેસમાં તપાસને નવી દિશા

# પહલગામ હુમલા કેસમાં હાફિઝ સઈદ સામે વિશેષ NIA કોર્ટનો બિન-જામીનપાત્ર વોરંટ

## પૂરક ચાર્જશીટ બાદ કોર્ટનો આદેશ; ગેરહાજરીમાં ટ્રાયલ સહિતની કાનૂની પ્રક્રિયા આગળ વધારવાની તૈયારી

નવી દિલ્હી,

જમ્મુ-કાશ્મીરના પહલગામ ખાતે વર્ષ ૨૦૨૫માં થયેલા આતંકવાદી હુમલા કેસમાં તપાસને મહત્વપૂર્ણ વળાંક મળ્યો છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ની અરજીના આધારે જમ્મુની વિશેષ NIA કોર્ટે લશ્કર-એ-તૈયબાના સ્થાપક હાફિઝ સઈદ સામે બિન-જામીનપાત્ર વોરંટ જાહેર કર્યો છે. આ પગલું કેસની તપાસ અને આગળની કાનૂની કાર્યવાહી માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.માહિતી મુજબ, NIA દ્વારા કોર્ટમાં પૂરક ચાર્જશીટ દાખલ કર્યા બાદ કોર્ટે આ નિર્ણય લીધો હતો. તપાસ એજન્સીનું કહેવું છે કે આરોપીની ધરપકડ અને પૂછપરછ કેસની સંપૂર્ણ અને અસરકારક તપાસ માટે જરૂરી છે. હાફિઝ સઈદ પાકિસ્તાનમાં હોવાની માન્યતા છે અને ભારતીય તપાસ એજન્સીઓ લાંબા સમયથી તેની સામે વિવિધ આતંકવાદી કેસોમાં કાર્યવાહી કરી રહી છે. કોર્ટના આદેશ બાદ હવે સત્તાવાર પ્રક્રિયા મુજબ વોરંટ સંબંધિત માધ્યમો દ્વારા આગળ મોકલવામાં આવશે. સાથે જ, તપાસ એજન્સી આરોપીને કાયદાકીય રીતે ફરાર જાહેર કરવાની પ્રક્રિયા પણ હાથ ધરી શકે છે. જો આરોપી ભારતીય કોર્ટ સમક્ષ હાજર નહીં થાય તો લાગુ કાયદાકીય જોગવાઈઓ મુજબ તેની ગેરહાજરીમાં ટ્રાયલ ચલાવવાના વિકલ્પો પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ જમ્મુ-કાશ્મીરના પહલગામ નજીક બૈસરન વિસ્તારમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા. આ હુમલામાં અનેક પ્રવાસીઓ નિશાન બન્યા હતા. હુમલા બાદ NIAએ કેસની તપાસ સંભાળી હતી અને વિવિધ વૈજ્ઞાનિક, ડિજિટલ તેમજ ફોરેન્સિક પુરાવાઓના આધારે તપાસ આગળ વધારી હતી. તપાસ એજન્સીનો દાવો છે કે હુમલાનું આયોજન અને સંચાલન પાકિસ્તાનમાંથી કરવામાં આવ્યું હતું. એજન્સીએ કોર્ટમાં રજૂ કરેલા દસ્તાવેજોમાં આતંકવાદી સંગઠનના નેટવર્ક અને કથિત કાવતરાં અંગેની વિગતો રજૂ કરી છે. જોકે, આ તમામ આરોપોની અંતિમ કાનૂની પુષ્ટિ અદાલતી કાર્યવાહી દરમિયાન થશે. ભારત સરકાર આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવતી હોવાનો પુનરોચ્ચાર કરી રહી છે. સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે આવા કેસોમાં આંતરરાષ્ટ્રીય સહયોગ, મજબૂત તપાસ અને કાનૂની પ્રક્રિયા આતંકવાદ સામેની લડતમાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. આ કેસમાં આગામી તબક્કે કોર્ટની કાર્યવાહી, તપાસ એજન્સીના વધુ પુરાવા અને આંતરરાષ્ટ્રીય કાનૂની પ્રક્રિયાઓ પર સૌની નજર રહેશે.

### લાખો ભક્તોની સુરક્ષા માટે તંત્ર એલર્ટ

# રથયાત્રા પૂર્વે પુરીમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

પુરી,

વિશ્વવિખ્યાત ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહેલાં ઓડિશાના પવિત્ર યાત્રાધામ પુરીમાં ભારે વરસાદ શરૂ થતાં સમગ્ર શહેર વરસાદી માહોલમાં તરબોળ થઈ ગયું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા લો-પ્રેશર અને સક્રિય ચોમાસાની અસરને કારણે સવારથી જ શ્રીમંદિર સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જોકે, વરસાદ છતાં દેશ-વિદેશથી આવેલા લાખો ભક્તોના ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નથી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી કલાકોમાં પણ પુરી અને આસપાસના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ, વીજળીના કડાકા-ભડાકા અને તેજ પવનની શક્યતા છે. આથી સ્થાનિક તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે અને યાત્રાળુઓને પણ જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. રથયાત્રા પૂર્વે ભારે વરસાદને ધ્યાનમાં રાખીને જિલ્લા પ્રશાસન અને મંદિર વહીવટીતંત્રે વિશેષ તૈયારીઓ હાથ ધરી છે. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ન રહે તે માટે હાઈ-કેપેસિટી પંપ કાર્યરત કરવામાં આવ્યા છે. ઉપરાંત માર્ગો પર પાણીનો ઝડપી નિકાલ થાય અને યાત્રાળુઓને અવરજવર દરમિયાન મુશ્કેલી ન પડે તે માટે પણ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા પોલીસ, એનડીઆરએફ, ફાયર બ્રિગેડ અને અન્ય બચાવ દળોને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક સારવાર માટે મેડિકલ ટીમો અને એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. દર વર્ષે યોજાતી ભગવાન જગન્નાથ, ભગવાન બળભદ્ર અને માતા સુભદ્રાની ભવ્ય રથયાત્રામાં દેશ-વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ જોડાય છે. ભારે વરસાદ છતાં ભક્તોમાં શ્રદ્ધા અને ઉત્સાહ યથાવત જોવા મળી રહ્યો છે. શ્રીમંદિરમાં દર્શન અને ધાર્મિક વિધિઓ નિયમિત રીતે ચાલી રહી છે. પ્રશાસને યાત્રાળુઓને હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા, ભીડવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવા અને અનાવશ્યક રીતે પાણી ભરાયેલા વિસ્તારોમાં જવાનું ટાળવા અપીલ કરી છે. રથયાત્રા દરમિયાન હવામાન અને સુરક્ષા વ્યવસ્થા પર તંત્ર સતત નજર રાખી રહ્યું છે.

### ઓડિશામાં રથયાત્રાને પગલે હાઈ એલર્ટ

# આંધ્ર પ્રદેશમાં કોરોનાથી ૨ મોત બાદ તકેદારી રાખવા અપીલ

## આંધ્ર પ્રદેશમાં કોરોનાના કેસો વધતાં તમિલનાડુના આરોગ્ય વિભાગે પણ સ્થિતિ પર ચાંપતી નજર રાખવાનું શરૂ કર્યું છે

આંધ્ર પ્રદેશ,

દેશમાં ફરી એકવાર કોરોનાના કેસોને લઈને ચિંતાના વાદળો ઘેરાયા છે. આંધ્ર પ્રદેશમાં કોરોના સંબંધિત મોત અને કેસોમાં થયેલા વધારાને પગલે ઓડિશા અને તમિલનાડુ જેવા રાજ્યો એલર્ટ થઈ ગયા છે. આરોગ્ય નિષ્ણાતોએ પણ કેન્દ્ર અને રાજ્ય સરકારોને તકેદારી રાખવાની અપીલ કરી છે. ખાસ કરીને આગામી સમયમાં યોજાનારી ઓડિશાના પુરીમાં જગન્નાથ રથયાત્રાને ધ્યાનમાં રાખીને તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં પણ અમદાવાદ સહિતના શહેરોમાં ભવ્ય રથયાત્રાનું આયોજન થાય છે, જેથી અહીં પણ સરકારે તેમજ નાગરિકોએ તકેદારી રાખવી જરૂરી છે. આંધ્ર પ્રદેશના કડપા જિલ્લામાં કોરોનાના નવા કેસ નોંધાયા છે, જે પૈકી ૨ દર્દીના શંકાસ્પદ મોત ભારે ચિંતા ફેલાઈ છે. આ પૈકી એક ૪૬ વર્ષીય દર્દી શ્વાસની ગંભીર તકલીફ સાથે હોસ્પિટલમાં દાખલ થયા હતા, જેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સિવાય અન્ય એક ૫૨ વર્ષીય દર્દીનું પણ કોરોના અને બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે મૃત્યુ થયું હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, અત્યાર સુધી અહીં ૮ દર્દી કોરોના પોઝિટિવ નોંધાઈ ચૂક્યા છે. આ ઘટના બાદ આંધ્ર પ્રદેશ આરોગ્ય વિભાગે તાત્કાલિક રેપિડ રિસ્પોન્સ ટીમ તહેનાત કરી છે અને તમામ હોસ્પિટલોને આઈસોલેશન વોર્ડ તૈયાર રાખવા આદેશ આપ્યા છે. આંધ્ર પ્રદેશની સરહદને અડીને આવેલા ઓડિશામાં પ્રશાસન કડક મોનિટરિંગ કરી રહ્યું છે. ખાસ કરીને જગન્નાથ પુરીની રથયાત્રા પૂર્વે લાખોની સંખ્યામાં ભક્તો એકઠા થવાના હોવાથી તંત્ર કોઈ પણ પ્રકારની ઢીલાશ રાખવા માંગતું નથી. ઓડિશાના ગંજમ, ગજપતિ, રાયગડા, કોરાપુટ અને મલ્કાનગિરી જેવા સરહદી જિલ્લામાં હાઈ એલર્ટ જાહેર કરાયું છે. ઓડિશાના પબ્લિક હેલ્થ ડાયરેક્ટર રવીન્દ્રનાથ મિશ્રાએ જણાવ્યું છે કે, 'હાલ ઓડિશામાં કોરોનાનો કોઈ સક્રિય કેસ નોંધાયો નથી, પરંતુ તકેદારીના ભાગરૂપે શ્વાસ સંબંધિત ગંભીર બીમારીઓ ધરાવતા તમામ દર્દીઓ તેમજ શરદી-ખાંસીના લક્ષણો ધરાવતા ઓછામાં ઓછા ૫% લોકોના કોરોના ટેસ્ટ ફરજિયાત કરાયા છે.' આંધ્ર પ્રદેશમાં કોરોનાના કેસો વધતાં તમિલનાડુના આરોગ્ય વિભાગે પણ સ્થિતિ પર ચાંપતી નજર રાખવાનું શરૂ કર્યું છે. તમિલનાડુ સરકારે લોકોને અપીલ કરી છે કે હાલ રાજ્યમાં કોરોનાનો કોઈ અત્યંત જોખમી વેરિયન્ટ સક્રિય હોવાના પુરાવા મળ્યા નથી, તેથી ગભરાવાની કે ગભરાટ ફેલાવવાની કોઈ જરૂર નથી. આરોગ્ય વિભાગે લોકોને સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા અને લક્ષણો દેખાય તો તબીબી સલાહ લેવા જણાવ્યું છે.

### GSTથી સરકારની આવકમાં સતત તેજી

# મોંઘવારીનો માર યથાવત, GST વસૂલાતમાં સતત વધારો

## જૂનમાં રિટેલ ફુગાવો ૪.૩૮% અને ખાદ્ય ફુગાવો ૫.૩૨%; બીજી તરફ GST કલેક્શન ૧.૯૫ લાખ કરોડે પહોંચતાં સરકારની આવક મજબૂત

નવી દિલ્હી

દેશમાં મોંઘવારી ફરી એકવાર સામાન્ય લોકો માટે ચિંતાનો વિષય બની છે. જૂન મહિનામાં રિટેલ ફુગાવો વધીને ૪.૩૮ ટકા પર પહોંચ્યો છે, જે છેલ્લા ૧૭ મહિનાનો સૌથી ઊંચો સ્તર છે. આ આંકડો ભારતીય રિઝર્વ બેંક (RBI)ના ૪ ટકાના મધ્યમ લક્ષ્યાંકથી પણ વધુ છે. સતત વધતી મોંઘવારીના કારણે સામાન્ય પરિવારોના ઘરેલુ બજેટ પર દબાણ વધી રહ્યું છે, જ્યારે બીજી તરફ સરકારની GST આવક સતત નવા રેકોર્ડ બનાવી રહી છે. સરકારી આંકડા મુજબ મે મહિનામાં રિટેલ ફુગાવો ૩.૯૩ ટકા હતો, જે જૂનમાં વધીને ૪.૩૮ ટકા થયો છે. વર્ષની શરૂઆતમાં જાન્યુઆરીમાં ફુગાવો માત્ર ૨.૭૪ ટકા હતો, પરંતુ ત્યારબાદ દર મહિને તેમાં વધારો નોંધાયો છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ઈંધણના વધતા ભાવ, પરિવહન ખર્ચમાં વધારો અને કેટલાક ખાદ્ય પદાર્થોના ભાવમાં તેજી આ વધારાના મુખ્ય કારણો છે. ખાદ્ય ફુગાવો પણ જૂનમાં વધીને ૫.૩૨ ટકા થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખાદ્ય મોંઘવારી ૫.૪૫ ટકા જ્યારે શહેરી વિસ્તારોમાં ૫.૦૯ ટકા નોંધાઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ફુગાવો ૪.૭૪ ટકા સુધી પહોંચ્યો છે, જ્યારે શહેરી વિસ્તારોમાં તે ૩.૯૨ ટકા રહ્યો છે. પરિવહન સંબંધિત ખર્ચમાં નોંધપાત્ર વધારો થતાં દૈનિક જીવન માટે જરૂરી ચીજવસ્તુઓના ભાવ પર પણ તેની અસર જોવા મળી રહી છે. આર્થિક વિશ્લેષકોનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ, હવામાનની સ્થિતિ અને કૃષિ ઉત્પાદન આગામી મહિનાઓમાં મોંઘવારીની દિશા નક્કી કરશે. જો વૈશ્વિક ઊર્જા બજારમાં અસ્થિરતા યથાવત રહેશે તો ફુગાવા પર વધુ દબાણ આવી શકે છે. બીજી તરફ, સરકારની કર આવક સતત વધી રહી છે. જૂન મહિનામાં GST કલેક્શન ૧.૯૫ લાખ કરોડ સુધી પહોંચ્યું, જે છેલ્લા ૧૩ મહિનાનો સૌથી ઝડપી વાર્ષિક વધારો ગણાય છે. આ પહેલા એપ્રિલ મહિનામાં GST વસૂલાતે ૨.૪૩ લાખ કરોડનો સર્વોચ્ચ રેકોર્ડ બનાવ્યો હતો. સરકારી આંકડા દર્શાવે છે કે મે ૨૦૨૫થી મે ૨૦૨૬ દરમિયાન GST કલેક્શનમાં અંદાજે ૨૬ ટકાનો વધારો નોંધાયો છે. આ પરિસ્થિતિમાં એક તરફ સરકારની આવક મજબૂત બની રહી છે, જ્યારે બીજી તરફ સામાન્ય નાગરિકોને રોજિંદા ખર્ચમાં વધારો સહન કરવો પડી રહ્યો છે. અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે આગામી સમયમાં સરકાર અને રિઝર્વ બેંક માટે મોંઘવારીને નિયંત્રણમાં રાખવી અને આર્થિક વૃદ્ધિ જાળવવી સૌથી મોટો પડકાર રહેશે. જો ઈંધણ અને ખાદ્ય પદાર્થોના ભાવમાં રાહત નહીં મળે તો મધ્યમવર્ગ અને નીચા આવકવર્ગ પર આર્થિક દબાણ વધુ વધી શકે છે.

### રાજકીય ગરમાવો આવી ગયો

# અયોધ્યા બાદ હવે મથુરા-વૃંદાવનમાં સપા વિરુદ્ધ પોસ્ટર વોર

લખનૌ,

ઉત્તર પ્રદેશના મથુરા-વૃંદાવનમાં વિવાદાસ્પદ હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા બાદ રાજકીય ગરમાવો આવી ગયો છે.ગોવર્ધન ચોકડી પાસે હાઈવે અને FCI ગોડાઉન નજીક લગાવવામાં આવેલા આ હોર્ડિંગ્સમાં સમાજવાદી પાર્ટી (SP)ના સ્થાપક દિવંગત મુલાયમ સિંહ યાદવ અને રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવને એક ધર્મ વિશેષની ટોપી પહેરેલા દર્શાવવામાં આવ્યા છે.આ સાથે જ હોર્ડિંગ પર "દિલમાં બાબર, મુખમાં રામ..."જેવા આપત્તિજનક નારા પણ લખવામાં આવ્યા હતા.જેને લઈને સ્થાનિક લોકોની નજર આ હોર્ડિંગ્સ પર પડતા જ તેના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ સમાજવાદી પાર્ટીના કાર્યકરોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. કાર્યકરોએ તેને પાર્ટીની છબી ખરડાવવાનું અને જાણીજોઈને રાજકીય માહોલ બગાડવાનું ષડયંત્ર ગણાવી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. મામલો બિચકે તે પહેલા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ગોવર્ધન ચોકડી તથા FCI પાસે લાગેલા બંને વિવાદાસ્પદ હોર્ડિંગ્સને તાત્કાલિક અસરથી હટાવી દીધા હતા. પ્રાથમિક માહિતી મુજબ, સોમવારે મોડી રાત્રે અંધારાનો લાભ લઈને કોઈ અજાણ્યા તત્વો દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું હોવાની આશંકા છે. આ મામલે સપાના જિલ્લા પ્રમુખ વીરેન્દ્ર યાદવે ઘટનાની આકરી નિંદા કરતા જણાવ્યું હતું કે,એક સુઆયોજિત ષડયંત્ર હેઠળ સમાજવાદી પાર્ટી અને તેના ટોચના નેતૃત્વને બદનામ કરવાનો આ પ્રયાસ છે. લોકશાહીમાં રાજકીય મતભેદો હોવા સ્વાભાવિક છે, કે, મથુરા પહેલા ઉત્તર પ્રદેશના અયોધ્યા અને બારાબંકી જિલ્લામાં પણ બરાબર આવા જ વિવાદાસ્પદ પોસ્ટરો જોવા મળ્યા હતા.

### ચારા કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ નિર્ણય

# લાલુ પ્રસાદ યાદવને મોટી રાહત: સુપ્રીમ કોર્ટે જામીન યથાવત રાખ્યા

## હાઈકોર્ટને છ મહિનામાં અપીલની સુનાવણી પૂર્ણ કરવાનો આદેશ; લાંબા સમયથી મળેલા જામીનમાં દખલ કરવાનો ઈનકાર

નવી દિલ્હી,

ચારા કૌભાંડ કેસમાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી રાહત મળી છે. સર્વોચ્ચ અદાલતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દાખલ કરાયેલી જામીન રદ કરવાની અરજી ફગાવી દીધી છે અને લાલુ યાદવના જામીન યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. સાથે જ કોર્ટે સંબંધિત હાઈકોર્ટને આગામી છ મહિનામાં તેમની અપીલ પર સુનાવણી પૂર્ણ કરવાનો મહત્વપૂર્ણ નિર્દેશ આપ્યો છે.

લાલુ પ્રસાદ યાદવ વર્ષ ૨૦૧૮માં ચારા કૌભાંડના એક કેસમાં દોષિત ઠર્યા હતા. ત્યારબાદ તેમણે સજા સામે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. અપીલ પર લાંબા સમય સુધી અંતિમ નિર્ણય ન આવતા વર્ષ ૨૦૨૧માં તેમને જામીન આપવામાં આવ્યા હતા. તે સમયે કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે અપીલનો અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી તેઓ જામીન પર રહી શકશે.

તાજેતરમાં EDએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને દલીલ કરી હતી કે લાલુ યાદવના જામીન રદ કરવામાં આવે. જોકે, સુપ્રીમ કોર્ટે આ દલીલ સ્વીકારી નહોતી. અદાલતે નોંધ્યું કે વર્ષોથી ચાલુ રહેલા જામીનમાં આ તબક્કે હસ્તક્ષેપ કરવાની જરૂરિયાત જણાતી નથી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જામીન રદ કરવા માટે પૂરતું કારણ રજૂ કરવામાં આવ્યું નથી. સુપ્રીમ કોર્ટે કેસમાં વિલંબ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. અદાલતે હાઈકોર્ટને નિર્દેશ આપ્યો કે લાલુ યાદવ અને અન્ય આરોપીઓ દ્વારા દાખલ કરાયેલી અપીલોની સુનાવણીને પ્રાથમિકતા આપીને આગામી છ મહિનામાં પૂર્ણ કરવામાં આવે. આ સૂચનનો હેતુ વર્ષોથી લંબાઈ રહેલી કાનૂની પ્રક્રિયાને ઝડપથી પૂર્ણ કરવાનો છે. આ નિર્ણયથી લાલુ પ્રસાદ યાદવને તાત્કાલિક રાહત મળી છે, કારણ કે તેમના જામીન યથાવત રહેશે અને તેમને ફરી જેલમાં જવાની જરૂર પડશે નહીં. બીજી તરફ, કેસના ઝડપી નિકાલ માટે અદાલતે સમયમર્યાદા નક્કી કરતાં હવે હાઈકોર્ટની કાર્યવાહી પર સૌની નજર રહેશે. ચારા કૌભાંડ દેશના સૌથી ચર્ચિત ભ્રષ્ટાચારના કેસોમાંનો એક રહ્યો છે, જેમાં સરકારી તિજોરીમાંથી પશુચારા માટે ફાળવાયેલા નાણાંની ગેરરીતિના આરોપો લાગ્યા હતા. આ કેસમાં વિવિધ તબક્કે અનેક ચુકાદા આવ્યા છે અને લાલુ પ્રસાદ યાદવ સહિત અનેક આરોપીઓ સામે કાર્યવાહી થઈ છે.

# તંત્રી લેખ

## ભારતે જૂનમાં રશિયા પાસેથી રૂ. ૪૯ હજાર કરોડના ક્રૂડની ખરીદી કરી

અમેરિકાએ ફરી એક વખત ભારતને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ ૫૦૦ કરોડના ટેરિફની ધમકી આપી છે ત્યારે આ ધમકીની ઐસી તૈસી કરીને ભારતે રશિયા પાસેથી વિક્રમી પ્રમાણમાં ક્રૂડ ઓઈલની ખરીદી ચાલુ રાખી છે. ભારતે જૂન મહિનામાં રશિયા પાસેથી અંદાજે રૂ. ૪૯,૦૦૦ કરોડ (૪.૫ અબજ યુરો)ના મૂલ્યના ક્રૂડ ઓઈલની ખરીદી કરી છે, જે ગયા મહિના કરતાં ૩૪ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.રશિયન ક્રૂડ ખરીદી ભારત સહિત અન્ય દેશોએ અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયાને ૮૧.૪ કરોડ યુરોનું રિફાઈન ઓઈલ વેચ્યુંસેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લિન એર (ક્રેઆ)ના રિપોર્ટ મુજબ ભારતે જૂનમાં ૪.૫ અબજ યુરોના મૂલ્યના રશિયન ક્રૂડ ઓઈલની આયાત કરી હતી, જે તેના કુલ ૫.૫ અબજ યુરોના રશિયન અશ્મિજન્ય ઈંધણની આયાતના ૮૩ ટકા જેટલું છે. આ આંકડા સાથે ભારત રશિયન ઈંધણ ખરીદનાર ચીન પછી બીજો સૌથી મોટો દેશ બન્યો છે. જૂનમાં ચીન રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી કરનાર સૌથી મોટું ગ્રાહક બની રહ્યું, જેણે ૭.૩ અબજ યુરોના મૂલ્યના ઓઈલની ખરીદી કરી હતી.ભારતની કુલ ક્રૂડ ઓઈલની આયાતમાં માસિક ૫.૪ ટકાની વૃદ્ધિ જોવા મળી છે, જે મુખ્યત્વે રિફાઈનરીઓને રશિયન પૂરવઠામાં વધારાના પગલે જોવા મળી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની જામનગર રિફાઈનરીને રશિયન ક્રૂડનો સપ્લાય જૂનમાં ૧૫૦ ટકા વધ્યો હતો જ્યારે ઈન્ડિયન ઓઈલની પારાદીપ રિફાઈનરીમાં આયાત ૧૨૬ ટકા વધી હતી.ક્રેઆના રિપોર્ટ મુજબ ભારત પેટ્રોલિયમની કોચ્ચી રીફાઈનરીની આયાત ૮૨ ટકા અને નાયરા એનર્જીની વાડિનાર રિફાઈનરીમાં આયાતમાં ૪૫ ટકાની વૃદ્ધિ થઈ હતી.ભારતે રશિયન ક્રૂડ ઓઈલની માત્ર આયાત જ નથી કરી, પરંતુ તેને રિફાઈન કરીને રશિયા પર પ્રતિબંધ મૂકનારા દેશો અમેરિકા, યુરોપીયન યુનિયન અને ઓસ્ટ્રેલિયાને નિકાસ પણ કરી છે. જૂનમાં આ દેશોને ભારત, તૂર્કીયે, બ્રુનેઈ અને જ્યોર્જિયાની રિફાઈનરીઓમાંથી અંદાજે ૮૧.૪ કરોડ યૂરોના મૂલ્યના રિફાઈન ક્રૂડ ઓઈલ ઉત્પાદનોની નિકાસ પણ કરાઈ છે, જેમાંથી ૩૬.૯ કરોડ યુરોના મૂલ્યના ક્રૂડ ઓઈલના ઉત્પાદનો રશિયન ઓઈલમાંથી બન્યા હતા તેમ રિપોર્ટમાં જણાવાયું હતું.ભારત પેટ્રોલિયમની કોચ્ચી રીફાઈનરીની આયાત ૮૨ ટકા અને નાયરા એનર્જીની વાડિનાર રિફાઈનરીમાં આયાતમાં ૪૫ ટકાની વૃદ્ધિ થઈ.

### હોર્મુઝમાં વધતા તણાવથી વૈશ્વિક બજારોમાં ચિંતા

# ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઉછાળો, ભારત સહિત વિશ્વની અર્થવ્યવસ્થા પર ખતરો

### હોર્મુઝ સ્ટ્રેટમાં વધતી અસ્થિરતાથી તેલ પુરવઠા પર જોખમ, લાંબો સંઘર્ષ ચાલે તો ક્રૂડ ૧૨૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે તેવી નિષ્ણાતોની ચેતવણી

નવી દિલ્હી,

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષની અસર હવે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા તણાવ અને વેપારી જહાજોની સુરક્ષા અંગે ઉભી થયેલી ચિંતાઓના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર તેજી જોવા મળી છે. મંગળવારે બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૮૪ ડોલરથી ઉપર પહોંચી ગયો હતો, જ્યારે અમેરિકન ડબ્લ્યુટીઆઈ (WTI) ક્રૂડ પણ ૮૦ ડોલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો. ઊર્જા બજારના નિષ્ણાતોનું માનવું છે કે જો મધ્ય પૂર્વમાં હાલનો સંઘર્ષ લાંબો ચાલશે તો ક્રૂડ ઓઈલ ફરી એકવાર ૧૦૦થી ૧૨૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી શકે છે. હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગોમાંનો એક છે. ઈરાન, ઓમાન અને યુનાઈટેડ આરબ અમીરાત (UAE) વચ્ચે આવેલો આ દરિયાઈ માર્ગ વૈશ્વિક ઊર્જા વેપાર માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે. દુનિયાના કુલ ક્રૂડ ઓઈલ અને એલએનજી (LNG) પુરવઠાનો લગભગ ૨૦ ટકા હિસ્સો આ માર્ગ પરથી પસાર થાય છે. આવી સ્થિતિમાં અહીં કોઈપણ પ્રકારની સૈન્ય કાર્યવાહી અથવા જહાજોની અવરજવરમાં વિક્ષેપ સર્જાય તો તેની સીધી અસર વૈશ્વિક તેલ બજાર અને ઊર્જા પુરવઠા પર પડે છે.

તાજેતરના દિવસોમાં વેપારી જહાજો પર હુમલા અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને ઉભી થયેલી સુરક્ષા ચિંતાઓને કારણે આંતરરાષ્ટ્રીય કોમોડિટી બજારમાં અસ્થિરતા વધી છે. રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળી રહ્યા છે, જ્યારે અનેક દેશો પોતાના વ્યૂહાત્મક ઓઈલ ભંડાર પર નજર રાખી રહ્યા છે. વિશ્લેષકોનું કહેવું છે કે જો સંઘર્ષ વધુ વિકરાળ બનશે અને મુખ્ય ઓઈલ નિકાસ માર્ગો પ્રભાવિત થશે તો વૈશ્વિક સપ્લાય ચેઈન પર ગંભીર અસર થઈ શકે છે. ભારત માટે પણ આ પરિસ્થિતિ મહત્વપૂર્ણ છે, કારણ કે દેશ પોતાની ક્રૂડ ઓઈલની જરૂરિયાતનો મોટો ભાગ આયાત દ્વારા પૂરો કરે છે. જો હોર્મુઝ સ્ટ્રેટમાં અવરોધ સર્જાશે તો આયાત ખર્ચ વધશે, જેના કારણે પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને એવિએશન ફ્યુઅલના ભાવમાં વધારો થઈ શકે છે. તેની સીધી અસર મોંઘવારી, પરિવહન ખર્ચ અને ઔદ્યોગિક ઉત્પાદન પર પડી શકે છે. રૂપિયો પણ દબાણ હેઠળ આવી શકે છે, જેના કારણે આયાત વધુ મોંઘી બનવાની શક્યતા છે. આર્થિક નિષ્ણાતો માને છે કે આગામી કેટલાક દિવસોમાં મધ્ય પૂર્વની સ્થિતિ પર વિશ્વના નાણાકીય બજારોની નજર રહેશે. જો રાજદ્વારી પ્રયાસો સફળ થશે તો તેલના ભાવમાં સ્થિરતા આવી શકે છે, પરંતુ સંઘર્ષ વધુ ઊંડો બનશે તો વૈશ્વિક શેરબજારો, ચલણ બજાર અને કોમોડિટી માર્કેટમાં વધુ અસ્થિરતા જોવા મળી શકે છે. ભારત સહિત અનેક દેશો માટે ઊર્જા સુરક્ષા અને મોંઘવારીનું સંચાલન આગામી દિવસોમાં સૌથી મોટો પડકાર બની શકે છે. ઊર્જા બજારના નિષ્ણાતોનું માનવું છે કે જો મધ્ય પૂર્વમાં હાલનો સંઘર્ષ લાંબો ચાલશે તો ક્રૂડ ઓઈલ ફરી એકવાર ૧૦૦થી ૧૨૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી શકે છે.

### પતિને હોટલમાં અન્ય યુવતી સાથે રંગેહાથ ઝડપ્યા

# મધ્ય પ્રદેશમાં હોટલમાં પત્નીએ પતિને અન્ય યુવતી સાથે પકડતા ભારે હોબાળો

### પત્નીનો છેતરપીંડી અને બીજા સંબંધોના આરોપ; યુવતીએ પણ લગ્નનું વચન આપી ગેરમાર્ગે દોર્યાનો કર્યો દાવો

રીવા,

મધ્ય પ્રદેશના રીવા શહેરમાં એક હોટલમાં પરિણીત વ્યક્તિને અન્ય યુવતી સાથે મળતા ભારે હોબાળો સર્જાયો હતો. પોતાની પત્નીની ફરિયાદના આધારે પોલીસે સંબંધિત વ્યક્તિની અટકાયત કરીને સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં આ કેસ ચર્ચાનો વિષય બન્યો છે. પ્રાથમિક માહિતી મુજબ, સીધી જિલ્લાના રહેવાસી એક મહિલાને શંકા હતી કે તેનો પતિ છેલ્લા કેટલાક સમયથી અન્ય યુવતીના સંપર્કમાં છે. મહિલાએ પોતાના સ્તરે તપાસ શરૂ કરી હતી. ત્યારબાદ તેને જાણ થઈ કે તેનો પતિ રીવાની એક હોટલમાં રોકાયો છે. આ માહિતી મળતાં તે હોટલ પહોંચી હતી. ફરિયાદ અનુસાર, પત્નીએ હોટલના રૂમમાં પોતાના પતિને અન્ય યુવતી સાથે જોયા બાદ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઘટનાસ્થળે હોબાળો મચતાં સ્થાનિક લોકો પણ એકત્ર થયા હતા. બાદમાં મામલો પોલીસ સુધી પહોંચ્યો અને બંને પક્ષોને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. પીડિત મહિલાનો આરોપ છે કે તેના લગ્ન વર્ષ ૨૦૨૫માં કાયદેસર રીતે થયા હતા. લગ્ન બાદ થોડા સમયથી પતિ ઘરની બહાર રહેવા લાગ્યો હતો અને તેનો સંપર્ક પણ ઓછો કરી દીધો હતો.

મહિલાનું કહેવું છે કે બાદમાં તેને ખબર પડી કે પતિ અન્ય યુવતી સાથે સંબંધમાં હતો. તેણે પતિ સામે છેતરપીંડી, જાણ કર્યા વિના અન્ય સંબંધ રાખવા અને માનસિક સતામણી જેવા આક્ષેપો સાથે લેખિત ફરિયાદ નોંધાવી છે. બીજી તરફ, હોટલમાં હાજર યુવતીએ પણ પોલીસ સમક્ષ દાવો કર્યો છે કે આરોપીએ પોતાને અવિવાહિત હોવાનું કહી લગ્નનું વચન આપ્યું હતું. તેણીના જણાવ્યા મુજબ, બંનેની ઓળખ સોશિયલ મીડિયા મારફતે થઈ હતી અને બાદમાં આરોપીએ પોતાની વૈવાહિક સ્થિતિ અંગે સાચી માહિતી આપી નહોતી. યુવતીએ પણ પોતે છેતરાયાની વાત પોલીસ સમક્ષ મૂકી હોવાનું જણાવાયું છે. પોલીસે બંને પક્ષોના નિવેદનો નોંધ્યા છે અને લગ્ન સંબંધિત દસ્તાવેજો સહિત અન્ય પુરાવાની તપાસ શરૂ કરી છે. અધિકારીઓનું કહેવું છે કે તપાસ પૂર્ણ થયા બાદ ઉપલબ્ધ પુરાવા અને લાગુ કાયદાકીય જોગવાઈઓના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનાએ સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવી છે. જોકે, પોલીસનું કહેવું છે કે કેસના તમામ પાસાઓની નિષ્પક્ષ તપાસ ચાલી રહી છે અને અદાલતી પ્રક્રિયા તથા તપાસ પૂર્ણ થયા બાદ જ કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય.

### વકફ સંપત્તિને લઈને નવા રાજકીય નિવેદનથી ચર્ચા તેજ

# મૌલાના શહાબુદ્દીને વકફ સંપત્તિઓની તપાસની કરી માંગ

### મુખ્યમંત્રીને પત્ર લખી સુન્ની અને શિયા વકફ બોર્ડની તપાસની માંગ; આરોપોની સ્વતંત્ર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે

નવી દિલ્હી

વકફ સંપત્તિઓના સંચાલનને લઈને ફરી એકવાર રાજકીય અને સામાજિક ચર્ચા તેજ બની છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવીએ વકફ સંપત્તિઓમાં કથિત ગેરરીતિઓની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ ઉઠાવી છે. તેમણે દાવો કર્યો છે કે જો વકફ સંપત્તિઓની પારદર્શક તપાસ કરવામાં આવે તો અનેક મહત્વપૂર્ણ હકીકતો સામે આવી શકે છે. મૌલાના શહાબુદ્દીન રઝવીએ જણાવ્યું કે વકફ સંપત્તિઓના સંચાલનમાં મોટા પાયે નાણાકીય અનિયમિતતાઓ થઈ હોવાના આક્ષેપો લાંબા સમયથી ચર્ચામાં છે અને તેની સંપૂર્ણ તપાસ જરૂરી છે. તેમના કહેવા મુજબ, આ મુદ્દે તેમણે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પત્ર લખીને સુન્ની અને શિયા વકફ બોર્ડની કામગીરીની તપાસ કરવાની માંગ કરી છે. તેમણે પોતાના નિવેદનમાં અગાઉના કેટલાક શાસનકાળ દરમિયાન વકફ સંપત્તિઓના વ્યવહારો અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમના આક્ષેપ મુજબ, કેટલીક કિંમતી વકફ જમીનોના સંચાલન અને વેચાણમાં ગેરરીતિઓ થઈ હોવાની શંકા છે. જોકે, આ તમામ દાવાઓ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર તપાસના અંતિમ તારણ જાહેર થયા નથી. આ મુદ્દે શિયા ધર્મગુરુ સૈયદ સૈફ અબ્બાસે પણ વકફ બોર્ડની કામગીરીની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. તેમણે જણાવ્યું કે વકફ સંપત્તિઓના સંચાલનમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવી જરૂરી છે. તેમના મતે, જો કોઈપણ પ્રકારની ગેરરીતિ સામે આવે તો જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. વકફ સંપત્તિઓ દેશભરમાં ધાર્મિક અને સામાજિક હેતુઓ માટે ઉપયોગમાં લેવાતી મહત્વપૂર્ણ મિલકતો ગણાય છે. આવા સંજોગોમાં તેના સંચાલનમાં પારદર્શિતા જળવાય તે જરૂરી હોવાનું વિવિધ વર્ગો દ્વારા સમયાંતરે કહેવામાં આવ્યું છે. હાલમાં વકફ સંપત્તિઓ અને અન્ય ધાર્મિક સંસ્થાઓના નાણાકીય વ્યવહારોને લઈને વિવિધ રાજકીય નિવેદનો સામે આવી રહ્યા છે, જેના કારણે ચર્ચા વધુ તેજ બની છે. જોકે, સંબંધિત તમામ આક્ષેપો અંગે સત્તાવાર તપાસ અને કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય.

### આસામ પૂર સંકટ

# સતત વરસાદથી લખીમપુરમાં પૂરની સ્થિતિ વણસી, હજારો લોકો બેઘર

લખીમપુર,

આસામના લખીમપુર જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ વધુ ગંભીર બની છે. ખાસ કરીને ધુનાસુતી વિસ્તાર અને આસપાસના અનેક ગામોમાં નદીઓનું જળસ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચતાં વિશાળ વિસ્તાર પાણીમાં ગરકાવ થયો છે. અનેક ઘરોમાં પૂરના પાણી ઘૂસી જતાં હજારો લોકો ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ આશ્રય લેવા મજબૂર બન્યા છે. સ્થાનિક વહીવટી તંત્રના જણાવ્યા મુજબ, સતત વરસાદને કારણે નદીના કાંઠાના વિસ્તારોમાં પાણી ઝડપથી ફેલાઈ રહ્યું છે. અનેક ગામોનો માર્ગ સંપર્ક તૂટી ગયો છે, જેના કારણે લોકો સુધી આવશ્યક ચીજવસ્તુઓ પહોંચાડવામાં મુશ્કેલી પડી રહી છે. અસરગ્રસ્ત પરિવારોને ઊંચા વિસ્તારો, શાળાઓ અને રાહત શિબિરોમાં ખસેડવાની કામગીરી ચાલુ છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં ખાદ્ય સામગ્રી, પીવાના શુદ્ધ પાણી અને દૈનિક જરૂરિયાતોની અછત સર્જાઈ છે. ઘણા પરિવારોને પૂર વચ્ચે જ દિવસો પસાર કરવા પડી રહ્યા છે. બાળકો, વૃદ્ધો અને મહિલાઓને સૌથી વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાનું સ્થાનિક અહેવાલોમાં જણાવાયું છે. વહીવટીતંત્ર, રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને બચાવ દળો દ્વારા રાહત અને બચાવ કામગીરી તેજ કરવામાં આવી છે. જોકે, સતત વરસાદ, તીવ્ર પ્રવાહ અને પાણી ભરાયેલા માર્ગોના કારણે બચાવ ટીમોને અસરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચવામાં પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. બોટ અને અન્ય સાધનોની મદદથી લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની કામગીરી ચાલી રહી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ આસામના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં વધુ પાણી ભરાવાની આશંકા છે.

### સુસાઈડ નોટમાં પતિ અને નણંદ પર ત્રાસના આરોપ

# પ્રેમલગ્નના ચાર મહિના બાદ શિક્ષિકાની આત્મહત્યા

### લગ્ન બાદ સાસરી પક્ષ તરફથી સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાના આરોપો સામે આવ્યા છે

બેંગ્લુરુ

કર્ણાટકની રાજધાની બેંગ્લુરુમાં લગ્નના માત્ર ચાર મહિના બાદ ૨૫ વર્ષીય મહિલા શિક્ષિકાએ આત્મહત્યા કરતાં ચકચાર મચી છે. સુનકડકટ્ટે વિસ્તારમાં રહેતી શિક્ષિકાનો મૃતદેહ તેના નિવાસસ્થાનેથી લટકતી હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાસ્થળેથી મળેલી સુસાઈડ નોટના આધારે પોલીસે મૃતકના પતિને કસ્ટડીમાં લીધો છે, જ્યારે નણંદની ભૂમિકાની પણ તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, મૃતક મહિલા મૂળ કર્ણાટકના શિવમોગ્ગા જિલ્લાની રહેવાસી હતી અને બેંગ્લુરુની એક ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી હતી. આશરે ચાર મહિના પહેલાં તેણે પોતાના પ્રેમી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જોકે લગ્ન બાદ સાસરી પક્ષ તરફથી સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાના આરોપો સામે આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તપાસ દરમિયાન પોલીસને એક સુસાઈડ નોટ મળી હતી. નોટમાં મૃતક મહિલાએ પોતાના મોત માટે પતિ અને નણંદને જવાબદાર ગણાવ્યા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. નોટમાં તેણે પોતાની માતાને સંબોધીને ભાવુક શબ્દોમાં લખ્યું હતું કે તેના મૃત્યુ માટે જવાબદાર લોકોને માફ ન કરવામાં આવે. સાથે જ તેણે પોતાના પરિવારજનો પાસે માફી પણ માંગી હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે કે લગ્ન પછી મહિલાને સતત માનસિક હેરાનગતિનો સામનો કરવો પડતો હતો. જોકે આ તમામ આક્ષેપોની સત્યતા અંગે તપાસ ચાલી રહી છે. પોલીસે જણાવ્યું છે કે સુસાઈડ નોટ, પરિવારના નિવેદનો, ડિજિટલ પુરાવા અને અન્ય સાક્ષીઓના આધારે સમગ્ર ઘટનાની દરેક દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે મૃતકના પતિને પૂછપરછ માટે કસ્ટડીમાં લીધો છે, જ્યારે નણંદ સહિત અન્ય પરિવારજનોની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ પુરાવાના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઘટનાએ ફરી એક વખત લગ્નજીવનમાં માનસિક ત્રાસ અને ઘરેલુ વિવાદોના ગંભીર મુદ્દાને ઉજાગર કર્યો છે. પોલીસનું કહેવું છે કે કેસની તમામ હકીકતો સામે આવ્યા બાદ જ કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય. હાલમાં આત્મહત્યાના કારણો અને સુસાઈડ નોટમાં કરાયેલા આક્ષેપોની સઘન તપાસ ચાલી રહી છે.

# વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડમાં કથિત ચાંદી કૌભાંડ કેસે પકડ્યો વેગ

### કથિત નકલી અને મિલાવટયુક્ત ચાંદીના મામલે તપાસ આગળ વધી; ૨૯ જુલાઈએ આગામી સુનાવણી, તમામ દસ્તાવેજો રજૂ કરવા કોર્ટનો નિર્દેશ

જમ્મુ,

જમ્મુ-કાશ્મીરના વિશ્વવિખ્યાત શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ સાથે સંકળાયેલા કથિત ચાંદી કૌભાંડના મામલે જમ્મુની અદાલતે મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. ભક્તો દ્વારા ચઢાવવામાં આવેલી ચાંદીમાં કથિત રીતે નકલી અથવા મિલાવટયુક્ત સામગ્રીના ઉપયોગ સંબંધિત કેસમાં ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (CJM)ની અદાલતે ક્રાઈમ બ્રાન્ચના તપાસ અધિકારીને આગામી સુનાવણીમાં તમામ સંબંધિત દસ્તાવેજો અને રેકોર્ડ સાથે વ્યક્તિગત રીતે હાજર રહેવાનો આદેશ આપ્યો છે. કેસમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે મંદિરમાં વર્ષો દરમિયાન ચઢાવવામાં આવેલી ચાંદીના સંચાલન અને ગુણવત્તા અંગે ગંભીર અનિયમિતતાઓ થઈ હતી. રજૂ કરાયેલા દાવાઓ મુજબ આ મામલાની સંભવિત કિંમત અંદાજે ૫૫૦ કરોડથી વધુ હોવાનું કહેવાય છે. જોકે, આ આંકડા અને અન્ય આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ તપાસ પૂર્ણ થયા બાદ જ થશે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કેસની પારદર્શક અને અસરકારક તપાસ માટે તમામ મૂળ દસ્તાવેજો, તપાસની નોંધો અને સંબંધિત રેકોર્ડ રજૂ કરવો જરૂરી છે. આથી ક્રાઈમ બ્રાન્ચના તપાસ અધિકારીને વ્યક્તિગત હાજરી સાથે સંપૂર્ણ કેસ ફાઈલ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કેસની આગામી સુનાવણી ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ નિર્ધારિત કરવામાં આવી છે. શ્રી માતા વૈષ્ણોદેવી મંદિર દેશના સૌથી મોટા અને પ્રતિષ્ઠિત ધાર્મિક સ્થળોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શન કરવા પહોંચે છે. ભક્તો દ્વારા સોનું, ચાંદી, રોકડ અને અન્ય કિંમતી વસ્તુઓના રૂપમાં મોટી માત્રામાં દાન અર્પણ કરવામાં આવે છે. તેથી દાનના સંચાલનમાં પારદર્શિતા અને જવાબદારી જળવાઈ રહે તે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કાનૂની નિષ્ણાતોના જણાવ્યા મુજબ, હાલ કોર્ટનો આદેશ તપાસ પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા માટેનો એક મહત્વપૂર્ણ તબક્કો છે. તપાસ દરમિયાન એકત્રિત થનારા પુરાવા, ફોરેન્સિક તપાસ અને નાણાકીય દસ્તાવેજોના આધારે જ આગળની કાર્યવાહી નક્કી થશે. આ કેસ ધાર્મિક સંસ્થાઓના વહીવટ અને દાનના પારદર્શક સંચાલન અંગે ફરી ચર્ચા જગાવી રહ્યો છે. હવે સૌની નજર આગામી સુનાવણી અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવનારા દસ્તાવેજો પર કેન્દ્રિત રહેશે.

### યુવતી અને તેના સંબંધીની ધરપકડ

# ઝારખંડના ગિરીડીહમાં લગ્નના ત્રણ દિવસ પહેલાં વરરાજાની હત્યા

ઝારખંડ,

ઝારખંડના ગિરીડીહ જિલ્લામાં લગ્નના માત્ર ત્રણ દિવસ પહેલાં એક યુવકની હત્યાના કેસમાં પોલીસને મહત્વની સફળતા મળી છે. તપાસ દરમિયાન પોલીસે યુવતી અને તેના એક સંબંધીની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, બંનેએ મળીને યુવકની હત્યાનું કથિત ષડયંત્ર રચ્યાનો પ્રાથમિક આરોપ છે. કેસમાં અન્ય સંભવિત આરોપીઓની શોધખોળ પણ ચાલુ છે. પોલીસના જણાવ્યા અનુસાર, ગિરીડીહ જિલ્લાના ભિખોડીહ ગામના ૨૦ વર્ષીય નિરજ હાજરા ૫ જુલાઈએ અચાનક ગુમ થયા હતા. પરિવારજનો દ્વારા ગુમ થયાની ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે શરૂઆતમાં તપાસ શરૂ કરી હતી. જોકે, પરિવારજનોએ અપહરણની આશંકા વ્યક્ત કરતાં કેસને વધુ ગંભીરતાથી લેવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવામાં આવી હતી. ટીમે મોબાઈલ ફોનના લોકેશન, કોલ ડિટેલ રેકોર્ડ (CDR) અને અન્ય ડિજિટલ પુરાવાઓનું વિશ્લેષણ કર્યું હતું. તપાસ દરમિયાન મળેલી માહિતીના આધારે પોલીસ બિહારના જમુઈ જિલ્લાના બેલા જંગલ વિસ્તારમાં પહોંચી હતી, જ્યાંથી એક મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારબાદ તેની ઓળખ નિરજ હાજરા તરીકે કરવામાં આવી હતી. પોલીસના પ્રાથમિક દાવા મુજબ, તપાસમાં જાણવા મળ્યું કે આરોપી યુવતીના તેના એક સંબંધી સાથે નજીકના સંબંધો હતા. પરિવાર દ્વારા યુવતીના લગ્ન નિરજ સાથે નક્કી કરવામાં આવ્યા હતા, પરંતુ તે આ લગ્નથી અસંતોષ હોવાનું પોલીસનું કહેવું છે. તપાસમાં એવો આરોપ છે કે બંનેએ મળીને નિરજને રસ્તામાંથી હટાવવાનું કાવતરું રચ્યું હતું. પોલીસે જણાવ્યું છે કે ટેક્નિકલ પુરાવા અને પૂછપરછના આધારે બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન હત્યામાં વપરાયેલા હોવાનું માનવામાં આવતા બે હથિયારો પણ કબજે કરાયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

### વિયેતનામ બોટ દુર્ઘટના

# વિયેતનામ બોટ દુર્ઘટના બાદ ૧૫ ભારતીયોના પાર્થિવ દેહ વતન પહોંચ્યા

### ભારતીય દૂતાવાસ અને રાજ્ય સરકારો સંકલન કરી રહી છે; અકસ્માતના કારણોની તપાસ યથાવત, એક ઘાયલની હાલત ગંભીર

મુંબઈ

વિયેતનામના ફૂ ક્વોક ટાપુ નજીક થયેલા દુઃખદ બોટ અકસ્માતમાં જીવ ગુમાવનારા ૧૫ ભારતીય નાગરિકોના પાર્થિવ દેહ લઈને વિશેષ વિમાન મુંબઈ પહોંચી ગયું છે. હનોઈ સ્થિત ભારતીય દૂતાવાસે આ અંગે માહિતી આપતાં જણાવ્યું કે, કેન્દ્ર સરકાર, ભારતીય દૂતાવાસ અને સંબંધિત રાજ્ય સરકારો મૃતકોના પાર્થિવ દેહ તેમના પરિવારજનો સુધી ઝડપથી પહોંચે તે માટે સંકલિત કામગીરી કરી રહ્યા છે. ભારતીય દૂતાવાસે જણાવ્યું કે પાર્થિવ દેહોને મુંબઈ એરપોર્ટ પરથી સંબંધિત રાજ્યોમાં મોકલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારો અને સ્થાનિક વહીવટી તંત્ર પરિવારજનો સાથે સતત સંપર્કમાં રહી જરૂરી સહાય પૂરી પાડી રહ્યા છે. દૂતાવાસે મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં જણાવ્યું કે સમગ્ર ભારતીય રાજદ્વારી તંત્ર આ મુશ્કેલ સમયમાં પરિવારોની સાથે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૧૧ જુલાઈએ વિયેતનામના લોકપ્રિય પ્રવાસન સ્થળ ફૂ ક્વોક નજીક એક સ્પીડબોટ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. બોટમાં ભારતીય પ્રવાસીઓ ઉપરાંત સ્થાનિક ક્રૂના સભ્યો પણ સવાર હતા. અકસ્માતમાં ૧૫ ભારતીય પ્રવાસીઓના મોત થયા હતા, જ્યારે અન્ય ૧૬ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. બચાવાયેલા મોટાભાગના પ્રવાસીઓ સારવાર બાદ ભારત પરત ફરી ચૂક્યા છે. અહેવાલો મુજબ, અકસ્માતમાં ઘાયલ થયેલા એક ભારતીય પ્રવાસીની હાલત હજુ પણ ગંભીર છે અને તેની ફૂ ક્વોકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડૉક્ટરો તેની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. વિયેતનામના અધિકારીઓએ સમગ્ર ઘટનાની સત્તાવાર તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં બોટ સંચાલન અને સુરક્ષા સંબંધિત પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, તપાસના ભાગરૂપે સ્પીડબોટના સંચાલકની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે, અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. ફૂ ક્વોક ટાપુ વિયેતનામના સૌથી લોકપ્રિય પ્રવાસન સ્થળોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓ મુલાકાતે આવે છે. દરિયાઈ પ્રવાસ અને વોટર સ્પોર્ટ્સ માટે જાણીતું આ સ્થળ હવે આ દુર્ઘટનાના કારણે ચર્ચામાં આવ્યું છે.આગામી દિવસોમાં તપાસ પૂર્ણ થયા બાદ અકસ્માતના કારણો અંગે વધુ વિગતો સામે આવવાની શક્યતા છે.

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

### સરહદોની સુરક્ષા માટે ભારતનું મોટું પગલું

# ૧૫ હજાર કરોડના ખર્ચે ભારત બનાવશે હાઈ ઑલ્ટિટ્યુડ એરશિપ

## ૨૦ કિલોમીટરથી વધુ ઊંચાઈએ મહિનાઓ સુધી ઉડી શકશે એરશિપ; ચીનની ગતિવિધિઓ પર નજર રાખવામાં મળશે મદદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૪

ભારત પોતાની સંરક્ષણ ક્ષમતાને વધુ મજબૂત બનાવવા માટે હાઈ ઑલ્ટિટ્યુડ એરશિપ **(High Altitude Airship)** વિકસાવવાની મહત્ત્વાકાંક્ષી યોજના પર કામ શરૂ કરી રહ્યું છે. અંદાજે ૧૫ હજાર કરોડના ખર્ચે તૈયાર થનારો આ પ્રોજેક્ટ સંરક્ષણ મંત્રાલયની 'મેક-૧' યોજના હેઠળ અમલમાં મૂકવામાં આવશે. આ સ્વદેશી એરશિપ ૨૦ કિલોમીટરથી વધુ ઊંચાઈએ લાંબા સમય સુધી ઉડાન ભરવામાં સક્ષમ હશે અને સરહદી વિસ્તારોમાં સતત દેખરેખ રાખવા, ગુપ્તચર માહિતી એકત્રિત કરવા તેમજ સંદેશાવ્યવહાર વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.



સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ભારતીય વાયુસેનાના ડાયરેક્ટોરેટ ઓફ ઓપરેશન્સની દેખરેખ હેઠળ વિકસાવવામાં આવશે.

એરશિપને 'એરશિપ-બેઝ્ડ હાઈ ઑલ્ટિટ્યુડ સ્યુડો સેટેલાઈટ **(HAPS)**' તરીકે વિકસાવવામાં આવશે, જે મહિનાઓ સુધી આકાશમાં રહીને સતત કામગીરી કરી શકશે. તેમાં અત્યાધુનિક રડાર, હાઈ-રિઝોલ્યૂશન કેમેરા અને ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ સિસ્ટમ જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ સિસ્ટમ ડ્રોન અને સેટેલાઈટ વચ્ચે રહેલા ટેક્નિકલ અંતરને દૂર કરશે. સામાન્ય ડ્રોન આશરે ૧૨ કિલોમીટર સુધીની ઊંચાઈએ કાર્ય કરી શકે છે, જ્યારે લો-અર્થ ઓર્બિટ સેટેલાઈટ્સ ૫૦૦થી ૨,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ કાર્યરત હોય છે. હાઈ ઑલ્ટિટ્યુડ એરશિપ આ બંને વચ્ચે રહીને લાંબા સમય સુધી એક જ વિસ્તારમાં સતત નજર રાખવાની સુવિધા પૂરી પાડશે. ઉપરાંત, તે જમીન પરથી સેટેલાઈટ સુધી સુરક્ષિત ડેટા ટ્રાન્સમિશનમાં પણ મદદરૂપ બનશે.

સંરક્ષણ મંત્રાલય આ પ્રોજેક્ટ માટે ઓછામાં ઓછી બે ખાનગી ભારતીય કંપનીઓની પસંદગી કરશે.

કંપનીઓની પસંદગી તેમની ટેક્નિકલ કુશળતા, સંશોધન ક્ષમતા અને નાણાકીય સક્ષમતાના આધારે કરવામાં આવશે. સરકાર સંશોધન અને વિકાસ ખર્ચનો મોટો હિસ્સો પણ વહન કરશે, જેથી સ્વદેશી ટેક્નોલોજીને પ્રોત્સાહન મળી શકે.

ભારતે મે ૨૦૨૫માં મધ્યપ્રદેશમાં લગભગ ૧૭ કિલોમીટરની ઊંચાઈએ એરશિપનું સફળ પરીક્ષણ કર્યું હતું. હવે નવા પ્રોજેક્ટ દ્વારા વધુ ઊંચાઈ અને લાંબા સમય સુધી કામગીરી કરવાની ક્ષમતા વિકસાવવામાં આવશે.

સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ એરશિપ ભારત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ખાસ કરીને ચીન સાથેની સરહદો પર સતત દેખરેખ, સંવેદનશીલ વિસ્તારોની મોનિટરિંગ અને રિયલ-ટાઈમ ઈન્ટેલિજન્સ મેળવવામાં આ ટેક્નોલોજી મહત્વની ભૂમિકા ભજવશે. સાથે જ ભવિષ્યમાં દેશની સર્વેલન્સ અને સુરક્ષા વ્યવસ્થાને નવી દિશા મળશે.

---

### ચુકાદા બાદ ભાજપના પ્રહાર

# અંકિત શર્મા હત્યા કેસમાં અરવિંદ કેજરીવાલ પણ સૌથી મોટા દોષિત

## તાહિર હુસૈનને અરવિંદ કેજરીવાલનું 'રાજકીય સંરક્ષણ' પ્રાપ્ત હતું, અને તે કેજરીવાલના ઈશારે જ કામ કરી રહ્યો હતો

નવી દિલ્હી

વર્ષ ૨૦૨૦ના દિલ્હી રમખાણો દરમિયાન ઈન્ટેલિજન્સ બ્યુરો (**IB**)ના અધિકારી અંકિત શર્માની નિર્મમ હત્યાના કેસમાં કોર્ટ દ્વારા આમ આદમી પાર્ટીના પૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈન સહિત પાંચ આરોપીઓને દોષી જાહેર કરવામાં આવ્યા છે. આ ચુકાદા બાદ હવે રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે. ભારતીય જનતા પાર્ટીએ આ નિર્ણયનું સ્વાગત કરતાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસ નેતૃત્વ પર અત્યંત ગંભીર આરોપો લગાવ્યા છે.

મંગળવારે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતાં ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ આરોપ લગાવ્યો કે, તાહિર હુસૈનને અરવિંદ કેજરીવાલનું 'રાજકીય સંરક્ષણ' પ્રાપ્ત હતું, અને તે કેજરીવાલના ઈશારે જ કામ કરી રહ્યો હતો. ગૌરવ ભાટિયાએ કોર્ટના ચુકાદાનો હવાલો આપતાં અરવિંદ કેજરીવાલને આ જઘન્ય હત્યાકાંડના સહ-આરોપી ગણાવ્યા. તેમણે કહ્યું કે, 'આ કેસનો મુખ્ય આરોપી તાહિર હુસૈન હતો, જે ગુનાના સમયે આમ આદમી પાર્ટીનો કાઉન્સિલર અને અરવિંદ કેજરીવાલનો જમણો હાથ હતો. આજે કોર્ટે તાહિર હુસૈનને હત્યા (**IPC** ૩૦૨), અપહરણ (**IPC** ૩૬૫) અને વિવિધ જૂથો વચ્ચે નફરત ફેલાવવk(**IPC 153A**)ના ગુના હેઠળ દોષી ઠેરવ્યો છે. તાહિર હુસૈનની સાથે કાવતરું ઘડનારા અન્ય પાંચ રમખાણખોરોને પણ સજા મળી છે. પરંતુ આ આખા કેસમાં તાહિર હુસૈનની સાથે સૌથી મોટા ગુનેગાર અરવિંદ કેજરીવાલ છે, જેમના ઈશારે આ બધું થયું, અને જેમણે પાછળથી આના પર પડદો નાખવાનો (**Cover-up**) પ્રયાસ કર્યો.' ભાટિયાએ સવાલ ઉઠાવ્યો કે, તત્કાલીન મુખ્યમંત્રી હોવા છતાં કેજરીવાલે અંકિત શર્મા કે, દિલ્હી રમખાણોમાં માર્યા ગયેલા ૬૦થી વધુ નિર્દોષ ભારતીય નાગરિકો માટે એક શબ્દ પણ કેમ ન બોલ્યો. અદાલતની ટિપ્પણીઓનો ઉલ્લેખ કરતાં ભાજપના પ્રવક્તાએ જણાવ્યું કે, 'આ હત્યા એક પૂર્વનિયોજિત અને ઊંડા કાવતરાનો ભાગ હતી, જેનો ઉદ્દેશ્ય એક ચોક્કસ સમુદાયને નિશાન બનાવવાનો હતો.' તેમણે કોર્ટના આદેશની પંક્તિઓ ટાંકતા કહ્યું કે, 'જ્યારે અંકિત શર્મા રમખાણખોરોની ભીડ તરફ આગળ વધ્યા, ત્યારે તાહિર હુસૈને ભીડને ઉશ્કેરી હતી. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, આરોપીઓ હિન્દુ વિરોધી કાવતરા હેઠળ કામ કરી રહ્યા હતા, અને અંકિતની હત્યા માત્ર એટલા માટે કરવામાં આવી કારણ કે તે એક હિન્દુ હતા. અંકિતના શરીર પર ચપ્પુના ૫૧ ઘા હતા, જે આ ગુનાની ક્રૂરતા દર્શાવે છે.' ભાજપના પ્રવક્તાએ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનના એ નિવેદન પર પણ સખત વાંધો વ્યક્ત કર્યો હતો, જેમાં તેમણે કોર્ટના નિર્ણયને 'કમનસીબ' ગણાવ્યો હતો. ભાટિયાએ કહ્યું કે, આ જ આમ આદમી પાર્ટીનું અસલી ચરિત્ર અને **'DNA'** છે, જે વોટ બૅંક ખાતર રમખાણખોરોની પડખે ઊભી છે.

---

### ૮ મહિના સુધી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં કરશે સંશોધન

# ભારતીય વંશના નાસા એસ્ટ્રોનોટ અનિલ મેનનનું પ્રથમ સ્પેસ મિશન

વૉશિંગ્ટન,

ભારતીય મૂળના નાસા (**NASA**)ના એસ્ટ્રોનોટ ડૉ. અનિલ મેનન આજે પોતાના પ્રથમ અંતરિક્ષ મિશનની શરૂઆત કરવા જઈ રહ્યા છે. તેઓ કઝાખસ્તાનના બૈકોનૂર કોસ્મોડ્રોમથી રશિયાના સોયુઝ સ્જી-૨૯ અવકાશયાન દ્વારા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (**ISS**) તરફ રવાના થશે. આ મિશન દરમિયાન તેઓ લગભગ આઠ મહિના સુધી અવકાશમાં રહી વૈજ્ઞાનિક અને તબીબી ક્ષેત્રે મહત્વપૂર્ણ સંશોધનો કરશે. તેમની સાથે રોસકોસ્મોસના બે અનુભવી કોસ્મોનોટ્સ પણ આ મિશનમાં જોડાશે. ૪૯ વર્ષીય ડૉ. અનિલ મેનન વ્યવસાયે ઈમર્જન્સી મેડિસિન ફિઝિશિયન છે અને તેઓ અમેરિકાની સ્પેસ ફોર્સમાં કર્નલ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તબીબી વિજ્ઞાન અને અંતરિક્ષ સંશોધનનો તેમનો અનુભવ તેમને આ મિશન માટે ખાસ બનાવે છે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં તેઓ લાંબા સમય સુધી માઈક્રોગ્રાવિટીમાં માનવ શરીર પર થતી અસરો, અવકાશમાં આરોગ્ય વ્યવસ્થા અને ભવિષ્યના લાંબા અંતરના સ્પેસ મિશન માટે જરૂરી તબીબી ટેક્નોલોજી પર સંશોધન કરશે. અનિલ મેનનનો જન્મ અમેરિકામાં ભારતીય પિતા અને યુક્રેનિયન માતાના પરિવારમાં થયો હતો. તેમણે મેડિસિન, મિલિટરી અને સ્પેસ સાયન્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. નાસામાં જોડાતા પહેલાં તેઓ અમેરિકન એર ફોર્સમાં ફરજ બજાવી ચૂક્યા છે અને અફઘાનિસ્તાનમાં સેવા આપવાનો પણ અનુભવ ધરાવે છે. ઉપરાંત, તેમણે હિમાલયન રેસ્ક્યુ એસોસિએશન સાથે મળીને એવરેસ્ટ સર કરવા જતા પર્વતારોહકોને તબીબી સહાય પણ પૂરી પાડી હતી. ભારત સાથે પણ તેમનો ખાસ સંબંધ રહ્યો છે. તેઓ પોલિયો રસીકરણ અભિયાનમાં સક્રિય રીતે જોડાયા હતા અને ૨૦૨૧ દરમિયાન ભારતમાં આરોગ્ય સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓમાં યોગદાન આપ્યું હતું. તેમની આ સફર વિશ્વભરના ભારતીયો માટે ગૌરવની ક્ષણ માનવામાં આવી રહી છે. આ મિશન દરમિયાન એકત્રિત થનારા વૈજ્ઞાનિક ડેટા ભવિષ્યમાં ચંદ્ર અને મંગળ જેવા લાંબા અંતરના અવકાશ મિશનો માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. માઈક્રોગ્રાવિટી દરમિયાન માનવ શરીરમાં થતા ફેરફારોને સમજવા, નવી સારવાર પદ્ધતિઓ વિકસાવવા અને અવકાશમાં લાંબા સમય સુધી માનવ જીવનને સુરક્ષિત બનાવવા માટે આ સંશોધન મહત્વપૂર્ણ ગણાય છે. ડૉ. અનિલ મેનનનું આ પ્રથમ અંતરિક્ષ મિશન માત્ર નાસા માટે જ નહીં, પરંતુ ભારતીય મૂળના વૈજ્ઞાનિકો માટે પણ એક ઐતિહાસિક સિદ્ધિ માનવામાં આવી રહ્યું છે.

---

### ઈરાની વિમાનને માર્ગ બદલવો પડ્યાની માહિતી

# યમનના સના એરપોર્ટ પાસે મિસાઈલ હુમલાના દાવાથી ચિંતા

## હૂતી અને સાઉદી સમર્થિત સરકારના વિરોધાભાસી દાવાઓ વચ્ચે વિસ્તારમાં સુરક્ષા સ્થિતિ તંગ; ઘટનાની સ્વતંત્ર પુષ્ટિની રાહ

યમન,

મિડલ ઈસ્ટમાં ફરી એકવાર તણાવ વધ્યો છે. યમનની રાજધાની સનાના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક મિસાઈલ હુમલાના દાવાઓ બાદ સમગ્ર વિસ્તારમાં ચિંતા વધી છે. સ્થાનિક અહેવાલો અનુસાર, ઈરાનથી આવતું એક મુસાફર વિમાન સના એરપોર્ટ પર ઉતરવાની તૈયારીમાં હતું ત્યારે એરપોર્ટના રનવેને નિશાન બનાવી હુમલો થયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, આ ઘટનાની સ્વતંત્ર અને સત્તાવાર પુષ્ટિ હજુ સુધી થઈ નથી.

હુમલા બાદ એરપોર્ટ પર ધડાકા સંભળાયા હતા અને રનવે વિસ્તારમાં ધુમાડો જોવા મળ્યો હતો. સુરક્ષા કારણોસર એરપોર્ટ પર વિમાનોની અવરજવર થોડા સમય માટે અસરગ્રસ્ત થઈ હતી. કેટલાક અહેવાલોમાં જણાવાયું છે કે સંબંધિત વિમાનને વૈકલ્પિક એરપોર્ટ તરફ વાળવામાં આવ્યું હતું, જોકે અધિકૃત સ્તરે તેની સંપૂર્ણ વિગતો જાહેર કરવામાં આવી નથી. ઘટના બાદ હૂતી સંગઠને સાઉદી અરેબિયા પર એરપોર્ટને નિશાન બનાવી હવાઈ હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. હૂતી પ્રવક્તાઓએ આ ઘટનાને ગંભીર ગણાવી ભવિષ્યમાં જવાબી કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે. બીજી તરફ, સાઉદી સમર્થિત યમન સરકાર સાથે સંકળાયેલા અધિકારીઓએ અલગ દાવો કરતા જણાવ્યું છે કે કાર્યવાહી સુરક્ષા કારણોસર કરવામાં આવી હતી અને વિમાન અંગે પણ અલગ માહિતી રજૂ કરી છે. આ વિરોધાભાસી નિવેદનોને કારણે ઘટનાની વાસ્તવિક પરિસ્થિતિ અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય એજન્સીઓ અથવા સંબંધિત સત્તાવાર સંસ્થાઓ તરફથી સંપૂર્ણ પુષ્ટિ મળવાની રાહ જોવામાં આવી રહી છે. યમનમાં લાંબા સમયથી હૂતી બળવાખોરો અને સાઉદી સમર્થિત સરકાર વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મધ્યસ્થતાના પ્રયાસોથી તણાવમાં થોડો ઘટાડો થયો હતો, પરંતુ તાજેતરની ઘટનાએ ફરી એકવાર વિસ્તારમાં સુરક્ષા અંગેની ચિંતાઓ વધારી છે. આ ઘટનાની અસર માત્ર યમન પૂરતી મર્યાદિત રહે તેવી શક્યતા નથી. જો સ્થિતિ વધુ ગંભીર બનશે તો લાલ સમુદ્ર અને મધ્ય પૂર્વના મહત્વપૂર્ણ વેપાર માર્ગો, હવાઈ સેવાઓ અને ઊર્જા પુરવઠા પર પણ તેની અસર પડી શકે છે. વૈશ્વિક બજારો ખાસ કરીને ક્રૂડ ઓઈલના ભાવ અને શિપિંગ ક્ષેત્ર પર તેની અસર પર નજર રાખી રહ્યા છે. વિશ્વ સમુદાય તરફથી બંને પક્ષોને સંયમ રાખવાની અપીલ કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં સત્તાવાર તપાસ, રાજદ્વારી પ્રયાસો અને સુરક્ષા પરિસ્થિતિમાં થતા ફેરફારો સમગ્ર પ્રદેશની સ્થિતિ નક્કી કરવામાં મહત્વપૂર્ણ રહેશે.

---

### બૂટાટી ધામ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યું

# બૂટાટી ધામમાં રુ.૨૨.૭૪ કરોડની કથિત અનિયમિતતાનો ખુલાસો

## દાન, આભૂષણો, ભોજનશાળા અને અન્ય ખર્ચમાં ગેરરીતિના આક્ષેપ; રાજકીય વિવાદ વચ્ચે તપાસના આધારે કડક કાર્યવાહી કરવાની માંગ

જયપુર,

રાજસ્થાનના નાગૌર જિલ્લામાં આવેલું પ્રખ્યાત બૂટાટી ધામ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. દેશભરના લાખો શ્રદ્ધાળુઓ માટે આસ્થા કેન્દ્ર ગણાતા આ મંદિરમાં કરોડો રૂપિયાની કથિત નાણાકીય ગેરરીતિઓ સામે આવતાં વહીવટી તંત્ર અને રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. જિલ્લા કલેક્ટરના આદેશ બાદ રચાયેલી તપાસ સમિતિએ પોતાના અહેવાલમાં મંદિરના નાણાકીય વ્યવહારોમાં અનેક અનિયમિતતાઓનો ઉલ્લેખ કર્યો છે. ૧૩ સભ્યોની તપાસ સમિતિએ લગભગ ૧૪૬ દિવસ સુધી મંદિરના હિસાબ, ઓડિટ રિપોર્ટ, દાનની આવક અને અન્ય નાણાકીય દસ્તાવેજોની વિગતવાર તપાસ કરી હતી. સમિતિના અહેવાલ મુજબ મંદિરની આવક અને દાનના હિસાબમાં અંદાજે ૨૨.૭૪ કરોડની કથિત અનિયમિતતાઓ નોંધાઈ છે. આ ઉપરાંત અનેક ખર્ચ માટે પૂરતા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોવાનું પણ સામે આવ્યું છે. તપાસ દરમિયાન મંદિરને મળેલા સોના-ચાંદીના આભૂષણો અને કિંમતી ધાતુઓના રેકોર્ડમાં પણ ગંભીર ખામીઓ જોવા મળી હોવાનું જણાવાયું છે. અહેવાલ મુજબ અંદાજે ૨.૬૦ કરોડ મૂલ્યના આભૂષણો અને કિંમતી વસ્તુઓનો સંપૂર્ણ હિસાબ સ્ટોક રજિસ્ટર અને નાણાકીય દસ્તાવેજોમાં ઉપલબ્ધ નથી. આ મુદ્દે વધુ તપાસ કરવાની ભલામણ કરવામાં આવી છે.

ભોજનશાળાના નિર્માણ ખર્ચ અંગે પણ તપાસ સમિતિએ પ્રશ્નો ઉઠાવ્યા છે. અહેવાલ મુજબ આશરે ૪૯.૪૯ લાખના બિલો રજૂ કરવામાં આવ્યા હતા, જ્યારે તપાસમાં જાણવા મળ્યું કે નિર્માણ કાર્યનો મોટો ભાગ એક દાતાએ પોતાના ખર્ચે કરાવ્યો હતો. ઉપરાંત રસોડાના ખર્ચમાં અસામાન્ય વધારો, સીસીટીવી સિસ્ટમ પાછળ લગભગ ૮૨.૪૧ લાખના ખર્ચ માટે ટેન્ડર અથવા કોટેશન સંબંધિત પૂરતા પુરાવા ન મળ્યાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સમિતિએ ગૌશાળાની જાળવણી, સુરક્ષા વ્યવસ્થા, ગ્રામ વિકાસ, ફર્નિચર, કમ્પ્યુટર ખરીદી અને મરામત જેવા ખર્ચમાં પણ દસ્તાવેજી ખામીઓ દર્શાવી છે. દાનપેટીમાં પ્રાપ્ત થયેલી રકમ અને બેંક ખાતામાં જમા થયેલી રકમ વચ્ચે પણ તફાવત હોવાનું તપાસમાં સામે આવ્યું છે, જેના કારણે સમગ્ર નાણાકીય વ્યવસ્થાપન અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. તપાસ સમિતિએ જવાબદાર વ્યક્તિઓ સામે હૈંઈ નોંધવા, ફોરેન્સિક ઓડિટ કરાવવા અને કાયદાકીય કાર્યવાહી શરૂ કરવાની ભલામણ કરી છે. હવે રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગો આગામી પગલાં શું ભરે છે તેના પર સૌની નજર છે.

આ મુદ્દો હવે રાજકીય રંગ પણ ધારણ કરી રહ્યો છે. વિરોધ પક્ષે સમગ્ર મામલે નિષ્પક્ષ અને પારદર્શક તપાસની માંગ કરી છે અને દાનની રકમ તથા અન્ય નાણાકીય વ્યવહારોની સંપૂર્ણ વિગતો જાહેર કરવાની માંગ ઉઠાવી છે. બૂટાટી ધામ લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું પ્રતિક માનવામાં આવે છે. તેથી મંદિરના સંચાલન સાથે જોડાયેલા આક્ષેપોની પારદર્શક તપાસ અને સત્ય બહાર આવે તેવી અપેક્ષા શ્રદ્ધાળુઓ તેમજ સામાન્ય જનતામાં જોવા મળી રહી છે.

---

### E-20 પેટ્રોલ પર ફરી ચર્ચા

# સામાન્ય કાર માલિક પોતે માઈલેજ માપી શકતો નથી : નીતિન ગડકરી

નવી દિલ્હી,

દેશમાં E૨૦ પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીનું એક નિવેદન ફરી વિવાદનું કેન્દ્ર બન્યું છે. તેમણે કહ્યું છે કે સામાન્ય કાર માલિક પોતાની ગાડીનું માઈલેજ ચોક્કસ રીતે જાતે માપી શકતો નથી અને વાહનનું વાસ્તવિક માઈલેજ જાણવા માટે કંપની દ્વારા અધિકૃત ડીલર પાસે ઉપલબ્ધ ટેસ્ટિંગ સિસ્ટમનો ઉપયોગ કરવો જોઈએ. તેમના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા અને ઓટોમોબાઈલ ક્ષેત્રમાં નવી ચર્ચા શરૂ થઈ છે. એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન મહિલા પત્રકારે દાવો કર્યો હતો કે E૨૦ પેટ્રોલનો ઉપયોગ શરૂ કર્યા બાદ તેમની કારનું માઈલેજ ઘટ્યું છે. તેના જવાબમાં ગડકરીએ કહ્યું કે સામાન્ય રીતે લોકો જે રીતે ફ્યુઅલ ભરાવીને કિલોમીટર ગણતા હોય છે, તે સંપૂર્ણ વૈજ્ઞાનિક પદ્ધતિ નથી. તેમના જણાવ્યા અનુસાર, વાહનનું સાચું માઈલેજ જાણવા માટે નિયંત્રિત પરિસ્થિતિમાં ખાસ ટેસ્ટિંગ સાધનોની જરૂર પડે છે, જે માત્ર અધિકૃત સર્વિસ સેન્ટર અથવા ડીલર પાસે ઉપલબ્ધ હોય છે. E૨૦ પેટ્રોલ એટલે કે ૨૦ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા પેટ્રોલનું મિશ્રણ. કેન્દ્ર સરકારનો હેતુ ક્રૂડ ઓઈલની આયાત પર નિર્ભરતા ઘટાડવાનો, પ્રદૂષણ ઓછું કરવાનો અને શેરડી આધારિત ઈથેનોલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે. જોકે, ઘણા વાહનચાલકોનો દાવો છે કે E૨૦ પેટ્રોલના ઉપયોગ પછી કેટલાક વાહનોમાં માઈલેજમાં ઘટાડો અનુભવાઈ રહ્યો છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે પણ સ્વીકાર્યું હતું કે ઈથેનોલની ઊર્જા ક્ષમતા પેટ્રોલ કરતાં ઓછી હોવાથી કેટલાક વાહનોમાં ફ્યુઅલ ઈકોનોમી પર મર્યાદિત અસર થઈ શકે છે. જોકે, સરકારનું કહેવું છે કે E૨૦ માટે ડિઝાઈન કરાયેલા નવા એન્જિનમાં આ અસર ખૂબ ઓછી રહેશે અને લાંબા ગાળે પર્યાવરણ તથા દેશની ઊર્જા સુરક્ષા માટે આ પગલું ફાયદાકારક સાબિત થશે. ઓટોમોબાઈલ નિષ્ણાતોનું માનવું છે કે વાહનનું માઈલેજ અનેક પરિબળો પર આધાર રાખે છે. ડ્રાઈવિંગની રીત, ટ્રાફિકની સ્થિતિ, વાહનની જાળવણી, ટાયરમાં હવાનું દબાણ, એન્જિનની સ્થિતિ અને ઈંધણની ગુણવત્તા જેવા પરિબળો પણ માઈલેજને અસર કરે છે. તેથી માત્ર ઈંધણ બદલવાથી જ માઈલેજમાં થયેલા ફેરફારનું ચોક્કસ કારણ નક્કી કરવું સરળ નથી. ગડકરીના નિવેદન બાદ E૨૦ પેટ્રોલ અંગે ફરી ચર્ચા તેજ બની છે.

---

### લાંચખોરી બની એક મુસાફરના મોતનું કારણ

# TTEની લાંચખોરી પર કોલકાતા હાઈકોર્ટ લાલઘૂમ

## લાંચખોરી અને બેદરકારી પર કોલકાતા હાઈકોર્ટે લગાવી આકરી ફિટકાર, દેશના તમામ રેલ્વે ઝોનને આપ્યા કડક પગલાં લેવાના આદેશ

કોલકાતા,

ભારતમાં ટ્રેનની મુસાફરી દરમિયાન ટ્રેનોમાં ખાલી સીટો મેળવવા માટે ભ્રષ્ટાચાર થતો હોવાનું સામે આવ્યું છે. ટ્રેનની ટિકિટ પર થતી લાંચખોરી અને ગેરરીતિઓ મામલે કોલકાતા હાઈકોર્ટે અત્યંત આકરી ટિપ્પણી કરી છે. હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું છે કે, કેટલાક ટિકિટ એક્ઝામિનર્સ (**TTEs**) ટ્રેનોમાં ખાલી સીટોને "બજારમાં શાકભાજીની જેમ" વેચે છે. એક ગંભીર ગુનાહિત કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે દેશના તમામ રેલ્વે ઝોનના જનરલ મેનેજરોને (**GMs**) પત્ર લખીને આવા ભ્રષ્ટ અને બેદરકાર **TTEs** સામે કડકમાં કડક દંડાત્મક કાર્યવાહી સુનિશ્ચિત કરવા આદેશ આપ્યો છે.જસ્ટિસ રાજશેખર મંથા અને જસ્ટિસ વિશ્વરૂપ ચૌધરીની ડિવિઝન બેન્ચે વર્ષ ૨૦૦૯ની એક અત્યંત આઘાતજનક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. ફેબ્રુઆરી ૨૦૦૯માં અરુણ ચક્રવર્તી અને સુનીલ કુમાર દાસ નામના બે વ્યક્તિઓ ન્યૂ જલપાઈગુડીથી સિયાલદાહ જતી 'તિસ્તા-ટોરસા એક્સપ્રેસ' માં જનરલ (બિનઅનામત) ટિકિટ લઈને ચઢ્યા હતા. તેમણે કાયદેસર પ્રક્રિયાના બદલે ઓન-ડ્યુટી **TTE** ને લાંચ આપીને ગેરકાયદેસર રીતે બર્થ મેળવી લીધી હતી. મુસાફરી દરમિયાન, આ સીટો પર બેઠેલા બે લૂંટારુઓએ તેમને કિંમતી સામાન લૂંટવાના ઈરાદાથી કોઈ નશીલી દવા પીવડાવી દીધી હતી. સારવાર દરમિયાન અરુણ ચક્રવર્તી તો બચી ગયા, પરંતુ ગંભીર બીમારીઓથી પીડાતા સુનીલ કુમાર દાસનું ડ્રગ્સના ઓવરડોઝના કારણે કરુણ મોત નીપજ્યું હતું.હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે આ ગુનાનું મુખ્ય મૂળ **TTE** ની બેદરકારી અને લાંચખોરી છે. જો **TTE** એ પૈસા લઈને નિયમો વિરુદ્ધ બર્થ ન ફાળવી હોત, તો મુસાફરો આ ગુનાનો ભોગ ન બન્યા હોત. અદાલતે નોંધ્યું કે ટ્રેનમાં બિનઅનામત મુસાફરોને આવી રીતે સીટો આપવાથી તેમને ટ્રેક કરવા મુશ્કેલ બને છે, કારણ કે રેલ્વેના સત્તાવાર ચાર્ટમાં તેમનું નામ, સરનામું કે મોબાઈલ નંબર નોંધાયેલા હોતા નથી. કોર્ટે ઉમેર્યું, "આવા કિસ્સાઓમાં નાની ચોરીના ભોગ બનેલા મુસાફરોને પણ ઘણીવાર ગંભીર પરિણામો ભોગવવા પડે છે." હાઈકોર્ટે આ કેસની નબળી તપાસ બદલ પોલીસ અને તપાસ અધિકારીની પણ આકરી ટીકા કરી હતી. તપાસ અધિકારીએ મૃતકના વિસેરાનો (**Visera**) ફોરેન્સિક રિપોર્ટ મેળવવાની પણ તસ્દી લીધી ન હતી, અને તેને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો કે નહીં તેના કોઈ પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કરાયા ન હતા. કોર્ટે કહ્યું, "તપાસ અધિકારી તરફથી થયેલી આ ગંભીર ભૂલ કોઈપણ સંજોગોમાં માફ કરી શકાય તેવી નથી.

આ કેસમાં ટ્રાયલ કોર્ટે અગાઉ બે આરોપીઓ આલોક ઘોષ અને ગોપાલ મિસ્ત્રીને હત્યા , ઝેર આપવા (**IPC** કલમ ૩૨૮) અને ચોરીના ગુના હેઠળ દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. આ બંને આરોપીઓ ૧૦ થી ૧૬ વર્ષ જેલમાં વિતાવ્યા બાદ હાલ જામીન પર બહાર છે. અંતમાં, ડિવિઝન બેન્ચે પૂર્વીય રેલ્વે સહિત દેશના તમામ રેલ્વે ઝોનના વડાઓને આ ચુકાદાની નકલ મોકલીને આદેશ આપ્યો છે કે ટ્રેનની ખાલી બર્થનો વેપાર કરનારા રેલ્વે કર્મચારીઓ સામે કડક પગલાં લેવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ મુસાફરને જીવ ગુમાવવો ન પડે.

### ભંડારા ચોરી બાદ ટ્રસ્ટનો કડક નિર્ણય

# અંબાજી ભંડારામાં હવે દાનની ગણતરી LED સ્ક્રીન પર થશે લાઈવ

## ૨૦થી વધુ CCTV, ડ્યુઅલ મેટલ ડિટેક્ટર ચેકિંગ અને ૬ મહિના સુધી રેકોર્ડિંગ સંગ્રહની નવી વ્યવસ્થા; પારદર્શિતા વધારવા ટ્રસ્ટના મહત્વપૂર્ણ પગલાં

અંબાજી,

દેશના અગ્રણી શક્તિપીઠોમાં ગણાતા અંબાજી મંદિરમાં ભંડારા (દાનપેટી)માંથી ચોરીના કેસ બાદ મંદિર ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્રે કડક કાર્યવાહી હાથ ધરી છે. દાનની ગણતરી દરમિયાન કથિત ચોરીના કેસમાં સંડોવણીના આરોપસર ત્રણ કર્મચારીઓને તાત્કાલિક અસરથી નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. સાથે જ ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને તે માટે દાનની ગણતરી પ્રક્રિયામાં અનેક નવી સુરક્ષા અને પારદર્શિતાની વ્યવસ્થાઓ અમલમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી છે.

બે મહિના પહેલાં ભંડારાની નિયમિત ગણતરી દરમિયાન દાનની રકમમાંથી નોટો ચોરી થયાનો મામલો સામે આવ્યો હતો. મંદિર ટ્રસ્ટની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ત્રણ કર્મચારીઓની સંડોવણી સામે આવ્યાનો દાવો કરવામાં આવ્યો હતો અને તેમની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા કલેક્ટર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષે સંબંધિત કર્મચારીઓને સેવા પરથી બરતરફ કરવાનો નિર્ણય લીધો છે.

ઘટના બાદ મંદિર ટ્રસ્ટે દાનની ગણતરીની સમગ્ર પ્રક્રિયામાં સુધારા કરવાનો નિર્ણય લીધો છે. નવી વ્યવસ્થા મુજબ ભંડારા ગણતરી રૂમની અંદર અને બહાર ૨૦થી વધુ હાઈ-ડેફિનેશન CCTV કેમેરા લગાવવામાં આવશે. આ તમામ કેમેરાનું રેકોર્ડિંગ ઓછામાં ઓછા છ મહિના સુધી સુરક્ષિત રાખવામાં આવશે, જેથી જરૂર પડ્યે તેની સમીક્ષા કરી શકાય.સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે ગણતરી રૂમમાં પ્રવેશતા અને બહાર નીકળતા તમામ કર્મચારીઓ માટે ડ્યુઅલ મેટલ ડિટેક્ટર ચેકિંગ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ઉપરાંત દાનની ગણતરી દરમિયાન કર્મચારીઓની અવરજવર અને સમગ્ર પ્રક્રિયા પર સતત નજર રાખવામાં આવશે.

મંદિર ટ્રસ્ટનો સૌથી મહત્વપૂર્ણ નિર્ણય એ છે કે હવે દાનની ગણતરીની પ્રક્રિયાનું ચાચર ચોક ખાતે સ્થાપિત ન્ઈઙ્ઢ સ્ક્રીન પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે. આ પગલાથી શ્રદ્ધાળુઓ પણ પોતાની સામે દાનની ગણતરી જોઈ શકશે, જેના કારણે સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા અને વિશ્વાસ વધારવાનો હેતુ છે.વહીવટી તંત્રનું કહેવું છે કે અંબાજી મંદિર કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે અને દાનની એક-એક રકમ શ્રદ્ધાળુઓના વિશ્વાસ સાથે જોડાયેલી છે. તેથી દાનના સંચાલનમાં કોઈપણ પ્રકારની ગેરરીતિને સહન કરવામાં આવશે નહીં અને ભવિષ્યમાં આવા બનાવો અટકાવવા માટે તમામ જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓ અમલમાં રહેશે.

### ૧૪૯મી જગન્નાથ રથયાત્રાની તૈયારીઓ પૂર્ણતાના આરે

# નેત્રોત્સવ વિધિ અને નૂતન ધ્વજારોહણ સાથે જગન્નાથ મંદિરમાં ભક્તિમય માહોલ

અમદાવાદ,

અમદાવાદમાં યોજાનારી ૧૪૯મી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે મંગળવારે જગન્નાથ મંદિર ખાતે પરંપરાગત નેત્રોત્સવ વિધિ અને નૂતન ધ્વજારોહણનો પવિત્ર કાર્યક્રમ ભક્તિભાવ સાથે યોજાયો હતો. વૈદિક મંત્રોચ્ચાર, પૂજા-અર્ચના અને ધાર્મિક વિધિ-વિધાન વચ્ચે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળદેવજીના નેત્રોત્સવનું પૂજન સંપન્ન કરવામાં આવ્યું. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મંદિર પરિસરમાં ઉમટી પડ્યા હતા.

ધાર્મિક પરંપરા અનુસાર ભગવાન જગન્નાથજી મોસાળ સરસપુરથી પરત ફર્યા બાદ નેત્રોત્સવ વિધિ યોજાય છે. માન્યતા છે કે મોસાળમાં અતિથિ સત્કાર અને વિવિધ ભોગ ગ્રહણ કર્યા બાદ ભગવાનના નેત્રો પર પાટા બાંધવામાં આવે છે, જે રથયાત્રાના આગલા દિવસે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ખોલવામાં આવે છે. આ વિધિને ભગવાનના નવયૌવન દર્શન તરીકે પણ વિશેષ મહત્વ આપવામાં આવે છે. નેત્રોત્સવ પૂજનમાં રાજ્યના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભગવાન જગન્નાથજીની વિશેષ આરતી અને પૂજા-અર્ચના કરી રાજ્યમાં સુખ, શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ ઉપરાંત રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી, જનપ્રતિનિધિઓ, મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો તથા સાધુ-સંતો પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. પૂજન વિધિ પૂર્ણ થયા બાદ મહંત દિલીપદાસજી મહારાજના સાનિધ્યમાં જગન્નાથજીના નિજ મંદિરના શિખર પર પરંપરાગત નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. શંખનાદ અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે નવી ધ્વજા ચડાવવામાં આવતા સમગ્ર મંદિર પરિસર જય જગન્નાથના નાદથી ગુંજી ઉઠ્યું. ધ્વજારોહણના પવિત્ર દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.આગામી અષાઢી બીજના દિવસે નીકળનારી ભવ્ય રથયાત્રાને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવ્યો છે. સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા, આરોગ્ય સેવાઓ અને ભક્તોની સુવિધા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. વહેલી સવારે મંગળા આરતી બાદ ભગવાન જગન્નાથજી, બળદેવજી અને સુભદ્રાજી ભવ્ય રથમાં બિરાજમાન થઈ નગરચર્યા માટે પ્રસ્થાન કરશે.

### અમદાવાદઃ રથયાત્રામાં અભેદ્ય સુરક્ષા કવચ

# ત્રણેય રથનું ૩૫ ડ્રોન અને GPSથી લાઈવ મોનિટરિંગ

## ૩૫ ડ્રોનથી દેખરેખ, ખલાસીઓનું આધાર વેરિફિકેશન; રથની સુરક્ષા માટે વિશેષ પોલીસ કાફલો તૈનાત

અમદાવાદ,

અમદાવાદમાં અષાઢી બીજના પાવન દિવસે યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાને લઈને પોલીસ પ્રશાસને સુરક્ષાની તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપી દીધો છે. આ વર્ષે રથયાત્રામાં કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પરંપરાગત સુરક્ષા સાથે અત્યાધુનિક ટેક્નોલોજીનો પણ વ્યાપક ઉપયોગ કરવામાં આવશે. સમગ્ર રથયાત્રા રૂટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ડ્રોન અને GPS સિસ્ટમ દ્વારા સતત નજર રાખવામાં આવશે. ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળદેવજીના ત્રણેય રથોની સુરક્ષા માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. રથ ખેંચનારા તમામ ખલાસીઓનું 'આધાર ઈનેબલ એપ' મારફતે વેરિફિકેશન કરવામાં આવશે. તપાસ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ મંદિર તરફથી તેમને બારકોડવાળા વિશેષ ઓળખપત્ર આપવામાં આવશે. આ વ્યવસ્થાનો હેતુ રથ સાથે જોડાયેલા દરેક વ્યક્તિની ઓળખ સુનિશ્ચિત કરવાનો છે. રથયાત્રાના સમગ્ર રૂટ પર કુલ ૧૦૦ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે, જેમાંથી ૩૫ વિશેષ ડ્રોન દ્વારા ત્રણેય રથનું લાઈવ મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત GPS ટેક્નોલોજીની મદદથી રથોની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવશે. કંટ્રોલ રૂમમાંથી રથયાત્રાની દરેક ગતિવિધિનું નિરીક્ષણ કરવામાં આવશે જેથી જરૂરિયાત મુજબ તાત્કાલિક કાર્યવાહી કરી શકાય. રથોની સુરક્ષા માટે દરેક રથ સાથે ઉચ્ચ પોલીસ અધિકારીઓની આગેવાની હેઠળ વિશેષ પોલીસ કાફલો તૈનાત રહેશે. દરેક રથની સુરક્ષા માટે એક ASP કક્ષાના અધિકારી મુખ્ય જવાબદારી સંભાળશે. તેમની સાથે પોલીસ ઈન્સ્પેક્ટર અને અન્ય અધિકારીઓ ફરજ બજાવશે. રથની આગળ-પાછળ તેમજ બંને બાજુ પોલીસ અધિકારીઓ સતત સાથે ચાલશે. ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પુશિંગ સ્ક્વોર્ડ પણ તૈનાત કરવામાં આવશે. આ ટીમ રથની આસપાસ ભીડને નિયંત્રિત કરશે અને રથ સરળતાથી આગળ વધી શકે તે માટે સુરક્ષા કોર્ડન બનાવશે. દોરડા અને માનવ સાંકળ દ્વારા રથની આસપાસ સુરક્ષિત વિસ્તાર જાળવવામાં આવશે. આ ઉપરાંત સમગ્ર રથયાત્રા માર્ગ પર ઝઝ્રફ કેમેરા, વાયરલેસ સિસ્ટમ, કેમેરાવાન અને કંટ્રોલ રૂમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પોલીસનું મુખ્ય ધ્યાન ભીડ નિયંત્રણ, શાંતિ જાળવવા અને ભક્તોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા પર રહેશે. ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક રથયાત્રામાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ જોડાય છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ભક્તો ઉમટવાની શક્યતા હોવાથી અમદાવાદ પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવી છે. હાઈટેક ટેક્નોલોજી અને વિશાળ પોલીસ બંદોબસ્ત સાથે રથયાત્રાને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

### સ્થાનિકોએ પૂછ્યું- ચૂંટણી ટાણે દેખાતા હતા, હવે ક્યાં ગયા?

# સુરતમાં પાણીના પ્રશ્ને ભાજપના મહિલા કોર્પોરેટર ફસાયા

## ચૂંટણી વખતે મત માંગવા આવતા નેતાઓ અત્યારે ક્યાં છે તેવા પ્રશ્નોથી કોર્પોરેટર લાચાર બન્યા

સુરત,

સુરતના વરાછા, કાપોદ્રા વિસ્તારમાં પીવાના પાણીની અછતથી રોષે ભરાયેલા સ્થાનિકોએ ભાજપના વોર્ડ નંબર ૪ના મહિલા કોર્પોરેટર હંસા ગજેરાને ઘેરી લીધા હતા. શનિવારે મોડી રાત્રે પાણી માટે તરસી રહેલા લોકોએ કોર્પોરેટરને આકરા સવાલો પૂછ્યા. ચૂંટણી વખતે મત માંગવા આવતા નેતાઓ અત્યારે ક્યાં છે તેવા પ્રશ્નોથી કોર્પોરેટર લાચાર બન્યા, જેનો વીડિયો વાયરલ થયો છે.

સુરતમાં ખાડી પૂર અને ભારે વરસાદના ઓસરી ગયા બાદ હવે પીવાના પાણીની અછતને લઈને જનઆક્રોશનો પ્રવાહ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સુધી પહોંચી ગયો છે. વરાછાના કાપોદ્રા વિસ્તારમાં પીવાના પાણી માટે તરસી રહેલા સ્થાનિકોએ ભાજપના મહિલા કોર્પોરેટરને ઘેરી લઈ આકરા સવાલો પૂછ્યા હતા. લોકોના ભારે રોષ અને સવાલોની ઝડી સામે કોર્પોરેટર જાહેરમાં લાચાર અને બચાવની મુદ્રામાં આવી ગયા હતા.કાપોદ્રા વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે અનેક સોસાયટીઓમાં પીવાના પાણીની ગંભીર અછત સર્જાતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો. લોકોની રજૂઆત સાંભળવા પહોંચેલા વોર્ડ નંબર ૪ના ભાજપના મહિલા કોર્પોરેટર હંસા ગજેરાને સ્થાનિક મહિલાઓએ ઘેરી લીધા હતા. મહિલાઓએ આક્રોશ વ્યક્ત કરતા પૂછ્યું હતું કે, 'ચૂંટણી વખતે મત માંગવા દસ-દસ વખત આવતા હતા, આજે લોકો પાણી માટે તરસી રહ્યા છે ત્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ ક્યાં ગાયબ છે?' લોકો આક્ષેપ કર્યો હતો કે પીવાના પાણી માટે કલાકો સુધી રાહ જોવી પડે છે અને પરિવારજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોનો આક્રોશ વધતો જોઈ કોર્પોરેટર હંસા ગજેરાએ સૌને "જરા શાંતિ રાખોપ" તેવી અપીલ કરી હતી. જોકે, આ શબ્દો સાંભળતા જ ભીડ વધુ ઉશ્કેરાઈ ગઈ હતી અને મહિલાઓએ વધુ આક્રમક રીતે વિરોધ નોંધાવતા સ્થળ પર ભારે બોલાચાલીનો માહોલ સર્જાયો હતો. વિરોધ સતત વધતો જોઈ કોર્પોરેટરે લાચારી અને કટાક્ષભર્યા સ્વરે કહ્યું કે, 'મારે તો એમાં કંઈ અંદર ઉતરવાનું નથી, નકર તો હું અત્યારે જ કાઢી દઉં બધુંપ હાલોપ' તેના આ નિવેદન બાદ ઘટનાએ વધુ નાટકીય વળાંક લીધો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં જ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. ચૂંટણી દરમિયાન મત મેળવવા ઘરે-ઘરે પહોંચતા નેતાઓને હવે જનતા મુશ્કેલીના સમયે તેમની જવાબદારી યાદ અપાવી રહી છે.

### સગીરાની સુરક્ષા પર સવાલ ઊભો કરતો કિસ્સો

# ગરબા ક્લાસીસ સંચાલકે સગીરાને ફોસલાવી ભગાડી

સુરત,

સુરત જિલ્લાના કીમ વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં ગરબા ક્લાસીસના સંચાલકે એક સગીરાને લલચાવી-ફોસલાવી ભગાડી લઈ જવાનો આરોપ સામે આવ્યો છે. પોલીસે આ મામલે મુખ્ય આરોપી સહિત બે વ્યક્તિઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટનાએ વાલીઓમાં ચિંતા ફેલાવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, કીમ વિસ્તારમાં ગરબા ક્લાસીસ ચલાવતા દેવેશ ઉર્ફે દેવસર પાંડે નામના વ્યક્તિએ સગીરાને પોતાની વાતોમાં ફસાવી હતી. આરોપી મૂળ ઉત્તર પ્રદેશના જોનપુરનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આરોપીએ સગીરા સાથે લગ્ન કરવાની ઈચ્છા દર્શાવી હતી, પરંતુ સગીરાની ઉંમર કાયદેસર લગ્ન માટે ઓછી હોવાથી તેણે ખોટો રસ્તો અપનાવ્યો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આરોપીએ સગીરાને પુખ્ત બતાવવા માટે ખોટા જન્મના દાખલા બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આ માટે તેણે પોતાના મિત્ર કીમ ગામના સંજીતકુમાર યાદવની મદદ લીધી હતી. બંનેએ મળીને ખોટો જન્મ દાખલો તૈયાર કરી રજિસ્ટ્રાર કચેરીમાં રજૂ કર્યો હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. ત્યારબાદ લગ્ન નોંધણી કરાવવાની પ્રક્રિયા પણ કરવામાં આવી હતી. જ્યારે સમગ્ર ઘટનાની જાણ સગીરાના પરિવારજનોને થઈ ત્યારે તેમણે તાત્કાલિક કીમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મળતા જ પોલીસે તપાસ શરૂ કરી હતી, પરંતુ શરૂઆતમાં આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસે અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. પાંચ મહિના બાદ પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે મુખ્ય આરોપી દેવેશ અને તેને મદદ કરનાર સંજીતકુમારને ઝડપી પાડવામાં આવ્યા હતા. બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં પોલીસે વધુ તપાસ માટે ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પોલીસ હવે ખોટા દસ્તાવેજો બનાવવાની સમગ્ર પ્રક્રિયા અને તેમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે નહીં તેની તપાસ કરી રહી છે. આ ઘટના બાદ સુરત જિલ્લા પોલીસે વાલીઓને ખાસ અપીલ કરી છે.

### કમાટીબાગ નજીક મધરાતે ગંભીર માર્ગ અકસ્માત

# કમાટીબાગ પાસે બાઈક અને એક્ટિવા વચ્ચે સામસામે ટક્કર

## અકસ્માત બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડાયા; રાત્રિના સમયે બેફામ વાહનચાલન સામે સ્થાનિકોમાં રોષ

વડોદરા,

વડોદરામાં ફરી એકવાર બેફામ વાહનચાલનને કારણે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. શહેરના કમાટીબાગ નજીક મોડી રાત્રે એક બાઈક અને એક્ટિવા વચ્ચે સામસામે જોરદાર ટક્કર થતાં બંને વાહનોના ચાલકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત બાદ સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને આસપાસના લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. પ્રાથમિક માહિતી મુજબ, બંને વાહનો ઝડપથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક સામસામે અથડામણ થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનોને ભારે નુકસાન થયું હતું અને ચાલકો રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. અકસ્માતનો મોટો અવાજ સંભળાતા સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા અને ઈજાગ્રસ્તોને પ્રાથમિક મદદ પૂરી પાડી હતી. ઘટનાની જાણ થતાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની ટીમ સ્થળ પર પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માતમાં ઈજાગ્રસ્તોની ઓળખ અને તેમની તબિયત અંગે વધુ વિગતોની રાહ જોવામાં આવી રહી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માત અંગેની પ્રાથમિક તપાસ શરૂ કરી છે. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે આસપાસના ઝઝ્રફ ફૂટેજ, વાહનોની સ્થિતિ અને અન્ય પુરાવાની તપાસ કરવામાં આવી રહી છે. વાહનોની વધુ ઝડપ, બેદરકારીપૂર્વકનું ડ્રાઈવિંગ અથવા અન્ય કોઈ કારણ જવાબદાર હતું કે નહીં તે અંગે પણ તપાસ ચાલી રહી છે. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું કે કમાટીબાગ અને આસપાસના વિસ્તારોમાં રાત્રિના સમયે ઘણા વાહનો વધુ ઝડપે દોડતા હોય છે, જેના કારણે અકસ્માતોનું જોખમ સતત વધી રહ્યું છે. તેમણે ટ્રાફિક પોલીસ દ્વારા વધુ પેટ્રોલિંગ, સ્પીડ મોનિટરિંગ અને નિયમોના કડક અમલની માંગ કરી છે. છેલ્લા કેટલાક સમયથી વડોદરામાં ઝડપના કારણે થતા અકસ્માતોની સંખ્યામાં વધારો નોંધાઈ રહ્યો છે. માર્ગ સલામતી નિષ્ણાતોનું માનવું છે કે ટ્રાફિક નિયમોનું પાલન, ગતિમર્યાદાનું કડક અમલીકરણ અને વાહનચાલકોમાં જાગૃતિ વધારવાથી આવા અકસ્માતોમાં ઘટાડો લાવી શકાય છે. પોલીસે લોકોને વાહન ચલાવતી વખતે ગતિમર્યાદાનું પાલન કરવા, સાવચેતી રાખવા અને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવાની અપીલ કરી છે. અકસ્માત અંગે વધુ તપાસ ચાલુ છે.

### સ્વચ્છતા અભિયાનને મનપાનો કડક અમલ

# જાહેરમાં કચરો ફેંકતા વેપારીઓ સામે મનપાની લાલ આંખ

## ડસ્ટબિન ફરજિયાત, નિયમોનો ભંગ કરનાર સામે દંડ બાદ સીલિંગ સુધીની કાર્યવાહી; એક સપ્તાહમાં ૨૩૪ આસામીઓ પાસેથી ૯૦ હજારનો દંડ વસૂલાયો

જામનગર,

જામનગર મહાનગરપાલિકાએ શહેરમાં જાહેર સ્વચ્છતા અને આરોગ્ય જાળવવા માટે કોમર્શિયલ એકમો સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. મહાનગરપાલિકા કમિશનરના માર્ગદર્શન હેઠળ શહેરભરના ૮૦૦થી વધુ હોટલ, રેસ્ટોરન્ટ, લારી-ગલ્લા અને અન્ય વેપારી એકમોને ન્યૂસન્સ નોટિસ ફટકારવામાં આવી છે. શહેરમાં જાહેર સ્થળોએ કચરો ફેંકવાની અને ગંદકી ફેલાવવાની ઘટનાઓ રોકવા માટે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મનપા દ્વારા આપવામાં આવેલી નોટિસમાં તમામ વેપારીઓને પોતાના ધંધાકીય સ્થળે ફરજિયાત ડસ્ટબિન રાખવા, ગ્રાહકો દ્વારા કચરો યોગ્ય સ્થળે જ નાખવામાં આવે તેની ખાતરી કરવા તેમજ ગંદા પાણી અથવા અન્ય કચરાનો જાહેરમાં નિકાલ ન કરવા સૂચના આપવામાં આવી છે. વેપારીઓને તેમના એકમની આસપાસ સ્વચ્છતા જાળવવાની અને મહાનગરપાલિકાની ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન સેવાનો જ ઉપયોગ કરવાની પણ સૂચના આપવામાં આવી છે. મહાનગરપાલિકાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો નોટિસમાં દર્શાવેલા નિયમોનું પાલન કરવામાં નહીં આવે તો પ્રથમ તબક્કે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ પણ નિયમોનો ભંગ ચાલુ રહેશે તો ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (GPMC) અધિનિયમ, ૧૯૪૯ની જોગવાઈઓ હેઠળ સંબંધિત ધંધાકીય એકમને સીલ કરવા અથવા બંધ કરાવવા જેવી કડક કાર્યવાહી કરવામાં આવશે. મનપાના જણાવ્યા અનુસાર, છેલ્લા એક સપ્તાહ દરમિયાન જાહેરમાં ગંદકી ફેલાવવાના વિવિધ કેસોમાં ૨૩૪ વ્યક્તિઓ અને વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન કુલ ૯૦,૦૦૦નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો છે. શહેરમાં સ્વચ્છતા જાળવવાના આ અભિયાનને આગામી દિવસોમાં વધુ વ્યાપક બનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. વિવિધ વિસ્તારોમાં નિયમિત ચેકિંગ, નિરીક્ષણ અને જાહેર સ્થળોની સફાઈ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવશે. જામનગર મહાનગરપાલિકાએ તમામ વેપારીઓ, ઉદ્યોગકારો અને નાગરિકોને શહેરને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવામાં સહયોગ આપવા અપીલ કરી છે. તંત્રનું કહેવું છે કે સ્વચ્છતા માત્ર સરકારી જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિક અને વેપારીની પણ સામૂહિક ફરજ છે. શહેરને સ્વચ્છ રાખવા માટે નિયમોનું પાલન કરનારને પ્રોત્સાહન અને નિયમ ભંગ કરનાર સામે કડક કાર્યવાહી બંનેનો અભિગમ અપનાવવામાં આવશે.

### ૫ હજારની ઉઘરાણીના વિવાદે લીધો જીવલેણ વળાંક

# પાટણમાં મહિલાને સળગાવવાના કેસમાં સારવાર દરમિયાન મોત

પાટણ,

પાટણ શહેરના ટાંકવાડા વિસ્તારમાં નાણાંની ઉઘરાણીના વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કરતાં એક મહિલાના મોતની ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ વ્યાજે લીધેલા ૫ હજારની ઉઘરાણી દરમિયાન મહિલાને જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગાવ્યાનો આરોપ છે. ગંભીર રીતે દાઝેલી મહિલાને સારવાર માટે ધારપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. મહિલાના મોત બાદ પોલીસે આરોપી સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.પોલીસના જણાવ્યા મુજબ મૃતક મહિલા પિક્રીબહેને આશરે એક મહિના પહેલાં ઘરખર્ચ માટે ?૫ હજાર વ્યાજે લીધા હતા. ફરિયાદ અનુસાર, રકમ પરત માંગવા આરોપી તેમના સંપર્કમાં આવ્યો હતો. આ દરમિયાન નાણાં તાત્કાલિક પરત આપવાની સ્થિતિ ન હોવાનું જણાવતાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે બોલાચાલી દરમિયાન આરોપીએ મહિલા પર જ્વલનશીલ પ્રવાહી છાંટ્યું અને ત્યારબાદ આગ લગાડી દીધી. ઘટનાના પગલે મહિલા ગંભીર રીતે દાઝી ગઈ હતી. આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મહિલાને ધારપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં પાટણ સીટી 'એ' ડિવિઝન પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને સારવાર દરમિયાન મહિલાનું નિવેદન નોંધવાની કાર્યવાહી હાથ ધરી હતી. શરૂઆતમાં પોલીસ દ્વારા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન મહિલાનું મૃત્યુ થતાં કેસમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૦૨ (હત્યા) સહિતની સંબંધિત કલમો ઉમેરવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરી છે અને સમગ્ર ઘટનાક્રમની તપાસ શરૂ કરી છે. આરોપીની ભૂમિકા, ઘટનાના કારણો અને અન્ય પરિસ્થિતિઓ અંગે વધુ માહિતી મેળવવા સાક્ષીઓના નિવેદનો પણ લેવામાં આવી રહ્યા છે.

### વીડિયો વાઈરલ થતાં નવરંગપુરા પોલીસ 'ભાન'માં આવી

# અમદાવાદમાં રિક્ષાને દારૂનો અડ્ડો બનાવનાર બુટલેગર ઝડપાયો

## આ ઘટનાએ નવરંગપુરા પોલીસની કામગીરી અને નિષ્ઠા સામે ગંભીર સવાલો ઊભા કરી દીધા છે

અમદાવાદ,

અમદાવાદના અતિ પોશ અને ચહેલપહેલવાળા નવરંગપુરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બે-ત્રણ દિવસ પહેલા નવરંગપુરા જેવા લોકોથી ધમધમતા વિસ્તારમાં, લીબર્ટી ચાર રસ્તા નજીક રોડની કિનારીએ રિક્ષા ઊભી રાખીને એક બુટલેગર કોઈ પણ જાતના ડર વગર બિન્દાસ દારૂનો વેપલો કરી રહ્યો હતો. આ સમગ્ર કરતૂતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો ત્યારે જઈને સ્થાનિક તંત્ર સફાળું જાગ્યું છે. જો કે, આ ઘટનાએ નવરંગપુરા પોલીસની કામગીરી અને નિષ્ઠા સામે ગંભીર સવાલો ઊભા કરી દીધા છે. સૌથી મોટો સવાલ એ છે કે, જે નવરંગપુરા પોલીસ સ્ટેશનની પીસીઆર વાન ચોવીસ કલાક વિસ્તારમાં પેટ્રોલિંગના દાવા કરે છે, તે પોલીસને પોતાની નાક નીચે થઈ રહેલા આ ખુલ્લેઆમ દારૂના વેચાણની જરાય ભણક કેમ ન લાગી? સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થઈ જાય, જનતામાં હોબાળો મચી જાય ત્યાં સુધી સ્થાનિક પોલીસ કઈ ઊંઘમાં હતી? શું આ નવરંગપુરા પોલીસની આળસનું પરિણામ છે કે પછી કથિત રીતે બુટલેગર સાથે કોઈ સાંઠગાંઠની સુગંધ આવી રહી છે? જ્યારે આ શરમજનક વીડિયો ઉચ્ચ પોલીસ અધિકારીઓના ધ્યાને આવ્યો, ત્યારે સ્થાનિક પોલીસ દોડતી થઈ હતી. પોલીસે એક્શન લઈને ૩૩ વર્ષીય બુટલેગર પ્રતાપભાઈ ગોપાલભાઈ સોનીને રિક્ષા અને દારૂના જથ્થા સાથે ઝડપી પાડી ગુનો તો નોંધી લીધો છે, પણ આ કાર્યવાહી સ્વયંભૂ થવાને બદલે 'ઉપરથી દબાણ' આવ્યા બાદ જ કેમ થઈ? બીજી તરફ ઉચ્ચ અધિકારીઓએ નવરંગપુરા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ સામે દાખલારૂપ કાર્યવાહી કરવાના બદલે માત્ર આરોપીની ધરપકડથી જ સંતોષ માની લેતા પણ અનેક સવાલ ઊભા થઈ રહ્યા છે. લીબર્ટી ચાર રસ્તા જેવા જાહેર રસ્તા પર રિક્ષાને જ દારૂનો અડ્ડો બનાવી દેનાર આરોપી બુટલેગર પ્રતાપ સોનીની હિંમત જુઓ, તેને ખાખી વર્દીનો સહેજ પણ ખોફ ન હતો. બુટલેગરોમાં પોલીસનો આ પ્રકારનો ડર ગાયબ થઈ જવો એ નવરંગપુરા પોલીસની નબળી કામગીરીની સાક્ષી પૂરે છે. હાલ તો ઉચ્ચ અધિકારીઓના મીઠા ઠપકા બાદ આરોપી જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયો છે, પરંતુ જનતા હવે સવાલ પૂછી રહી છે કે પ્રજાની સુરક્ષા અને કાયદાનું પાલન કરાવવાની જવાબદારી જેમના શિરે છે, તે સ્થાનિક પોલીસ આવી ગુનાહિત પ્રવૃત્તિઓ રોકવામાં દર વખતે કેમ પાછળ રહી જાય છે?